અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ તેરસ | અંક : ૨૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાની ગંભીર ઘટના

## ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ ખાધા બાદ ૩૦૦થી વધુ લોકો બિમાર

### હોસ્પિટલમાં બેડની અછત હોવાથી તેમની રોડ પર જ સારવાર, દોરડા બાંધી ગ્લુકોઝની બોટલો લટકાવાઈ

। મુંબઈ, તા.૨૧ ।

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ ખાધા બાદ ૩૦૦થી વધુ લોકો બીમાર પડ્યા છે. આ ઘટનાની જાણ થતાં જ તુરંત એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તેમને તુરંત હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલમાં બેડની અછત હોવાથી તેમની રોડ પર જ સારવાર કરવાની નોબત આવી છે. હાલ ત્યાં રોડ પર જ દોરડા બાંધી ગ્લુકોઝની બોટલો લટકાવી દર્દીઓની સારવાર ચાલી રહી છે.



બુલઢાણા જિલ્લાના કલેક્ટર કિરણ પાટીલે જણાવ્યું છે કે, જિલ્લાના લોનારના સોમથાન ગામમાં સાત દિવસના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં છેલ્લા દિવસે મહિલાઓ અને બાળકો સહિત ૩૦૦થી વધુ લોકોએ પ્રસાદ આરોગતા ફૂડ પૉઈઝનિંગનો શિકાર બન્યા છે. હોસ્પિટલમાં બેડની અછત હોવાથી ઘણા દર્દીઓની રોડ પર સારવાર કરવામાં આવી છે અને ઝાડ પર દોરડા બાંધી ગ્લુકોઝની બોટલ લટકાવીને સારવાર અપાતી હોવાની તસવીરો સામે આવી છે. મળતા અહેવાલો મુજબ ગઈકાલે રાત્રે ૧૦ કલાકે સોમથાના અને ખાપરખેડ ગામના શ્રદ્ધાળુઓ મંદિરમાં પ્રસાદ લેવા આવ્યા હતા. પ્રસાદ આરોગ્યા બાદ તેમને પેટમાં દુઃખાવો, ઉબકા-ઉલટીની ફરિયાદ કરી હતી. ત્યારબાદ તેમને તુરંત ગામમાં આવેલી હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ત્યાં બેડની અછતના કારણે મોટાભાગના દર્દીઓની રોડ પર સારવાર કરવાની નોબત આવી હતી. જિલ્લા કલેક્ટરે કહ્યું કે, તમામ દર્દીઓની હાલત સ્થિર છે અને તેમાંથી મોટાભાગના દર્દીઓને બુધવારે જ રજા આપી દેવાઈ છે. ઘટનાસ્થળે તાત્કાલીક સારવારની જરૂરીયાત ઉભી થવાના કારણે ડૉક્ટરની એક ટીમને એમ્બ્યુલન્સ અને અન્ય જરૂરી સાધનો સાથે મોકલી દેવાયા છે. પ્રસાદના નમૂના તપાસ અર્થે લેબોરેટરી મોકલાયા છે અને તપાસ શરૂ કરી દેવાઈ છે.

### પન્નુએ આ અંગે ઝારખંડના નક્સલવાદીઓને ઉશ્કેર્યા

## પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી

### પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ : પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે

। (એજન્સી) રાંચી, તા.૨૧ ।

ઝારખંડની રાજધાની રાંચીમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ચોથી ટેસ્ટ અગાઉ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ઈંગ્લેન્ડની ટીમને મેચ રદ કરીને પરત ફરવાની ધમકી આપી છે. તેણે આ અંગે ઝારખંડના નક્સલવાદીઓને ઉશ્કેર્યા છે. પન્નુએ કહ્યું છે કે રાંચીમાં યોજાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ તાત્કાલિક રદ કરવી જોઈએ. આ મામલે રાંચીના ધુર્વા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

નક્સલવાદીઓના નામે જાહેર કરવામાં આવેલા વીડિયોમાં તેણે કહ્યું છે કે રાંચીનું જેએસસીએ સ્ટેડિયમ આદિવાસીઓની જમીન પર બનેલું છે. મેચ આદિવાસીઓની જમીન પર ન રમાવી જોઈએ. પન્નુએ આ વીડિયો યુટ્યુબ પર રિલીઝ કર્યો છે. તેણે માઓવાદીઓને રાંચીમાં યોજાનારી ટેસ્ટ મેચ રદ કરાવવા માટે ઝારખંડ અને પંજાબમાં હંગામો કરવા કહ્યું છે. પન્નુએ યુટ્યુબ દ્વારા ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને ઈંગ્લેન્ડ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સને પણ ધમકી આપી છે. તેણે ઈંગ્લેન્ડના કેપ્ટનને ભારત પ્રવાસ કેન્સલ કરીને ટીમ સાથે પરત ફરવાનું પણ કહ્યું હતું. પન્નુની ધમકી મળ્યા બાદ ઝારખંડ પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. સ્ટેડિયમથી લઈને હોટલ સુધી કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એરપોર્ટથી હોટલ સુધી દરેક ખૂણે પોલીસ તૈનાત છે.



### ન્યૂઝ બ્રિફ

#### એપલમાં રૂચિર દવે એકોસ્ટિક્સ ડિવિઝનના વાઇસ પ્રેસિડેન્ટ બનશે

। વોશિંગ્ટન, તા.૨૧ ।

ટેક જાયન્ટ એપલમાં ગુજરાતી મૂળના રુચિર દવે એકોસ્ટિક્સ ડિવિઝનના વાઈસ પ્રેસિડેન્ટનું પદ સંભાળવા જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે એપલની હાર્ડવેર ટીમમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે જેમાં રુચિર દવે ટૂંક સમયમાં જ ગેરી ગીવ્ઝનું સ્થાન લેશે. મીડિયા રિપોર્ટ્સના અનુસાર ગુજરાતમાં ભણેલા રુચિર દવે હવે એપલમાં મોટી જવાબદારી નિભાવવા જઈ રહ્યા છે અને તેઓ ગેરી ગીવ્ઝનું સ્થાન લેશે. રુચિર દવે લગભગ ૧૪ વર્ષથી એપલ કંપનીમાં સેવા આપી રહ્યા છે.

#### વિદેશોમાં પણ ડિજિટલ પેમેન્ટ કરી શકાશે : RBI

। નવી દિલ્હી, તા.૨૧ ।

વિદેશમાં પેમેન્ટ માટે ડિજિટલ રૂપિયાના ઉપયોગ બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાણકારી આપી છે. હવે બીઆઈએસએટલે કે બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સની આગેવાની હેઠળના પ્રોજેક્ટ ડનબરના ઉપયોગ વડે ડિજિટલ રૂપિયાનો ઉપયોગ ગ્લોબલ પેમેન્ટ માટે કરવો શક્ય બનશે. આરબીઆઈ દ્વારા આ ડિજિટલ કરન્સી વિકસાવવામાં આવી છે.

### ઈસરોને ગગનયાન મિશનની તૈયારીમાં બીજી મોટી સફળતા

## સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ

### ભારતીય અવકાશ સંશાધોન સંસ્થા ઈસરો આ મિશન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની મોકલવાની તૈયારી કરી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ને ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ મિશન પછી ગગનયાન મિશનની તૈયારીમાં બીજી મોટી સફળતા મળી છે. ભારતીય સ્પેસ એજન્સીએ જાણકારી આપી છે કે ક્રાયોજેનિક એન્જિનનું પરીક્ષણ આજે પૂર્ણ થઈ ગયું છે. સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. નોંધનીય છે કે ઈસરો આ મિશન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને ભ્રમણકક્ષામાં મોકલવાની મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આ અંગેની જાણકારી આપતા ઈસરોએ જણાવ્યું હતું કે સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિન હવે ગગનયાન મિશન માટે હ્યુમન રેટેડ છે. વધુમાં કહ્યું હતું કે, કઠોર પરીક્ષણ પછી, એન્જિનની કાર્યક્ષમતા જાહેર કરવામાં આવી છે. આ એન્જિન એલવીએમ૩ વાહનના અપર સ્ટેજને તાકાત આપશે. ઈસરોના જણાવ્યાનુસાર, સીઈ૨૦ એન્જિનને હ્યુમન રેટેડ ધોરણો હેઠળ યોગ્ય બનાવવા માટે, ચાર એન્જિનને અલગ-અલગ પરિસ્થિતિઓમાં ૩૯ હોટ ફાયરિંગ ટેસ્ટમાંથી પસાર થવું પડ્યું હતું.

#### આ મિશનનું નામ સંસ્કૃત શબ્દ પરથી રાખવામાં આવ્યું છે



**ઈસરો ગગનયાન મિશન હેઠળ ત્રણ સભ્યોના ક્રૂને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે ભારતીય જળસીમામાં તેમનું સુરક્ષિત ઉતરાણ પણ ઈસરોના મિશનનો એક ભાગ છે. આ મિશનનું નામ સંસ્કૃત શબ્દ પરથી રાખવામાં આવ્યું છે, જેનો અર્થ આકાશ સુધી લઈ જનાર વાહન થાય છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ગગનયાન પ્રોજેક્ટ પર ૯૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. જો ભારતીય સ્પેસ એજન્સી આ મિશનમાં સફળ થશે તો ભારત અવકાશમાં માનવ મોકલનાર ચોથો દેશ બની જશે. આ પહેલા સોવિયત સંઘ, અમેરિકા અને ચીન આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી ચૂક્યા છે. હવે લોકોને અહીં સવાલ થતો હશે કે હ્યુમન રેટિંગ શું છે? તો સરળ ભાષામાં સમજીએ તો અંતરિક્ષમાં મોકલવામાં કોઈ સ્પેસક્રાફ્ટ કે લોન્ચ વ્હિકલ માણસોને લઈ જવા અને પાછા લાવવા માટે કેટલા સુરક્ષિત છે તેનું પરીક્ષણ કરાય છે. આ પરીક્ષણ પછી હ્યુમન રેટિંગ, મેન રેટિંગ કે ક્રૂ રેટિંગ સર્ટિફિકેટ અપાય છે.**

### માર્ગ દુર્ઘટનામાં ૬થી વધુ ઘાયલ થયા

## લખીસરાય-સિકંદરા મુખી માર્ગ પર મોટી દુર્ઘટના, આઠના મોત

। (એજન્સી) લખીસરાય, તા.૨૧ ।

બિહારના લખીસરાયમાંથી મોટી ખબર સામે આવી રહી છે. જ્યાં મોટો માર્ગ અકસ્માત થયો છે. જેમાં આઠ લોકોના મોત થવાની ખબર સામે આવી રહી છે. ત્યાં જ દુર્ઘટનામાં ૬થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘટના રામગઢચોક વિસ્તારના બિહરોરા ગામની છે. જણાવવામાં આવી રહ્યું છે કે અજાણ્યા વાહને ઓટોને જોરદાર ટક્કર મારી દીધી જેનાથી ઓટોના ચીથડા ઉડી ગયા. ઘટના લખીસરાય-સિકંદરા મુખ્ય માર્ગ પર બિહરૌરા ગાંમની નજીક બની છે. જાણકારી અનુસાર ઓટોમાં કુલ ૧૫ લોકો સવાર હતા જેમાંથી ૮ લોકોના મોત થયા છે. બાકી ઘાયલોની સ્થિતિ ચિંતાજનક જણાવવામાં આવી રહી છે. ઘાયલ લોકોને સારવાર માટે પટના રેફર કરવામાં આવ્યા છે. ઘટનાની સુચના પર પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ અને ઘાયલોને સારવાર માટે સરદ હોસ્પિટલ મોકરવામાં આવ્યા. આ ઘટનામાં ઓટો ચાલક મનોજ કુમારનું સારવાર વખતે મોત થઈ ગયું છે. હજુ મૃતકોની ઓળખ નથી થઈ. ઘાયલોની ઓળખ થઈ ચુકી છે.

### યુઝર્સની સલામતી માટે વોટ્સએપનું વધુ એક પગલું

## યૂઝર્સ કોઈ બીજા યૂઝરના પ્રોફાઈલ પિક્ચરનો સ્ક્રીન શોટ લઈ શકશે નહીં

। નવી દિલ્હી, તા.૨૧ ।

વોટ્સએપ છેલ્લા ઘણા મહિનાથી પોતાના યૂઝર્સની સેફ્ટીને લઈને સતત આકરા પગલા ઉઠાવી રહ્યુ છે. વ્હોટ્સએપે તાજેતરમાં જ ફેક ન્યૂઝ, ડીપફેક્સ અને એઆઈ-જનરેટેડ ખોટી માહિતીને રોકવા માટે હેલ્પલાઈન લોન્ચ કરવાની જાણકારી આપી હતી અને હવે ખબર છે કે વોટ્સએપના નવા ફંક્શનની સાથે યૂઝર્સ કોઈ બીજા યૂઝરના પ્રોફાઈલ પિક્ચરનો સ્ક્રીન શોટ લઈ શકશે નહીં. વોટ્સએપ સાથે જોડાયેલી માહિતીને ટ્રેક કરનાર પબ્લિકેશન વેબેટાઈન્ફોએ લેટેસ્ટ વોટ્સએપ બીટા એન્ડ્રોયડ એપ પર નવા ફિચરને જોયુ. યૂઝર્સ ગુગલ પ્લેસ્ટોરથી વોટ્સએપ બીટા એપ (વોટ્સએપ બેટા એપ) ને ડાઉનલોડ કરી શકે છે. નવા ફીચર દ્વારા વોટ્સએપનો ઈરાદો યૂઝર પ્રાઈવસીને વધારવાનો છે.

## ભારત રશિયા-યુક્રેન વિવાદના ઉકેલમાં મધ્યસ્થતા માટે તૈયાર છે : જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

રશિયા-યુક્રેનના વિવાદોને ઉકેલવા મુદ્દે વિદેશ મંત્રી એસ. જયશંકરે મોટું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રીએ સંકેત આપ્યો છે કે, જો જરૂર પડી તો ભારત રશિયા અને યુક્રેન વચ્ચેના વિવાદોના ઉકેલ માટે મધ્યસ્થતા કરવા માટે તૈયાર છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આ મામલે ભારત પોતાના તરફથી કોઈ પગલું નહીં ભરશે.

એક જર્મન અખબારને આપેલા ઈન્ટરવ્યુમાં વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે, ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા-યુક્રેન વિવાદ વચ્ચે મધ્ય પૂર્વમાં ભારતના ઉર્જા સપ્લાયરોએ પેટ્રોલિયમ ઉત્પાદનોના સપ્લાય માટે યુરોપને પ્રાથમિકતા આપી છે. યુરોપે આ ઉત્પાદનો માટે વધુ ચૂકવણી કરી છે. આવી સ્થિતિમાં ભારત પાસે રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.જયશંકરે કહ્યું કે, ભારતે રશિયા સાથે પોતાના આર્થિક સંબંધોનો વિસ્તાર કર્યો છે. તેમણે કહ્યું કે, રશિયાએ ક્યારેય ભારતના હિતોનું ઉલ્લંઘન નથી કર્યું અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો સ્થિર અને મૈત્રીપૂર્ણ છે.

### યુપીની ૮૦ બેઠકો માટે કોંગ્રેસ-સપા વચ્ચે સમજૂતી

## કોંગ્રેસ-સપાએ હાથ મિલાવતા યુપીમાં ભાજપને ટક્કર મળશે

। નવી દિલ્હી,તા.૨૧ ।

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે છેલ્લા કેટલાક દિવસોથી 'સીટ શેરિંગ'ને લઈને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે વાતચીત ચાલી રહી હતી, જેમાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. ત્યારે હવે મળતા અહેવાલ મુજબ બંને પક્ષો સમજૂતી થઈ ગઈ છે અને લોકસભાની ચૂંટણી એકસાથે લડશે. આ સાથે બેઠકોની વહેંચણી આજે સાંજ સુધીમાં જાહેર કરવામાં આવશે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે આ વાતની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ બેઠકો આવેલી છે. જેના પર ભાજપનું પલડું ભારે મનાય છે. જોકે આ વખતે વિપક્ષ એકજૂટ થતાં મત વિભાજન થવાની શક્યતાઓ ઓછી થઈ જવાને કારણે એનડીએ અને નવા રચાયેલા ઈન્ડિયાગઠબંધન વચ્ચે મજબૂત ટક્કર જોવા મળી શકે છે.



## ૨૩ ફેબ્રુઆરીએ આદરજ મોટી સેક્શનના ગાંધીનગર યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૧૨ બંધ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ખાતે આદરજ મોટી-ગાંધીનગર રેલખંડના ગાંધીનગર યાર્ડમાં આવેલ રેલવે ક્રોસિંગ નં. ૧૨ કિ.મી. ૧૯/૯-૧૦ (૫૨૯/૧૪-૧૫) ખાતે રીપેરિંગ તથા મેન્ટેનન્સની કામગીરી માટે ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા થી રાત્રે ૨૩.૦૦ સુધી બંધ રહેશે. રસ્તાનો ઉપયોગ કરનારા આ સમય દરમિયાન ગાંધીનગર યાર્ડ ખાતેના રોડ અંડર બ્રિજ (RUB) કિ.મી ૫૨૮/૯-૧૦ અને રેલવે ક્રોસિંગ નં. ૧૦ કિ.મી. ૧૭/૭-૮નો ઉપયોગ કરી શકશે.

## આઠ એપ્રિલે ૨૦૨૪નું પ્રથમ સુર્યગ્રહણ લાગશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

સૂર્ય ગ્રહણનો પ્રભાવ દરેક પ્રકારે પડે છે ભલે તે વૈજ્ઞાનિક હોય કે ધાર્મિક બંને રીતે આ પોતાનો પ્રભાવ નાખે છે. વર્ષ ૨૦૨૪માં પહેલુ ગ્રહણ ચંદ્ર ગ્રહણ હશે જે હોળીના દિવસે લાગશે, વર્ષનું પહેલુ સૂર્ય ગ્રહણ ૮ એપ્રિલે થશે. આ ગ્રહણ રાત્રે ૦૯.૧૨ મિનિટથી રાત્રે ૦૧.૨૫ મિનિટ સુધી રહેશે. આ સૂર્ય ગ્રહણનો કુલ સમયગાળો ૪ કલાક ૨૫ મિનિટ સુધી રહેશે. આ ગ્રહણ એક પૂર્ણ સૂર્ય ગ્રહણ એટલે કે ખગ્રાસ સૂર્ય ગ્રહણ હશે. ગ્રહણ સમયે જ્યારે ક્યારેક સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની વચ્ચે એવી સ્થિતિ આવી જાય છે જ્યારે ચંદ્ર પૂર્ણ રીતે સૂર્યનો પ્રકાશ પૃથ્વી સુધી જવાના થોડા સમય માટે રોકાઈ જાય છે. આ સ્થિતિમાં ચંદ્રની પૂર્ણ છાયા પૃથ્વી પર પડે છે જેનાથી લગભગ અંધારુ છવાઈ જાય છે. સૂર્યની આ અવસ્થા પૂર્ણ સૂર્યગ્રહણ કહેવાય છે.



સાબરમતી રીવરફ્રન્ટ રોડ પર ફુલ સ્પીડમાં વાહન ચલાવનાર માટે સ્પીડ કંટ્રોલ કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેનાથી ઓવર સ્પીડ વાહન ચાલકનો ફોટો ક્લીક થઈ જશે અને તેના એડ્રેસ પર મેમો પહોંચી જશે.

### કચરો ફેલાવનાર પાસેથી ૭ હજારનો દંડ વસૂલાયો

## પાલમાં વરઘોડામાં ફટાકડા ફોડી કચરો ફેલાવનાર જાનૈયાઓ પાસેથી દંડ વસૂલાયો

### વરાછા-લિંબાયત બાદ પાલ રોડ પર થતા કચરા સામે કાર્યવાહી

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

પાલમાં RTO પાસે વરઘોડામાં ફટાકડા ફોડાતાં જાનૈયાઓ પાસેથી ૭ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. વરાછા – લિંબાયત બાદ પાલ રોડ પર થતા કચરા સામે વધુ એક કાર્યવાહી કરાઈ છે. આ આગાઉ પણ કચરો ફેલાવનાર જાનૈયાઓને દંડ ફટકારાયો હતો. ઉલ્લેખનીય છે કે સુરત શહેર સ્વચ્છતામાં દેશમાં નંબર વન પર આવ્યું છે જેને લઈ શહેરના આ ક્રમાંકને જાળવી રાખવા માટે હવે શહેરીજનો સાથે પાલિકાની જવાબદારી પણ વધી છે. શહેરમાં લગ્નની સિઝન જોરશોરમાં ચાલી



રહી છે ત્યારે વરાછા – લિંબાયત બાદ હવે પાલિકાએ પાલ વિસ્તારમાં કાર્યવાહી કરી છે. આરટીઓ પાસેથી પસાર થઈ રહેલા એક વરઘોડા ને દંડ ફટકારાયો છે.જાનૈયાઓ દ્વારા ફટાકડા ફોડી કચરો કરવામાં આવતાં પાલિકા દ્વારા રૂપિયા ૭,૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

### અમદાવાદ ફાયરબ્રિગેડમાં સ્ટાફની અછત

## અધિકારીથી કર્મચારીઓ સુધીના સ્ટાફની હાલ અતિ મોટી અછત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ ફાયરબ્રિગેડમાં સ્ટાફની અછતના અતિ ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. અધિકારીથી કર્મચારીઓ સુધીના સ્ટાફની અતિ મોટી અછત વર્તાઈ રહી છે. ચીફ ફાયર ઓફિસર અને એડિશનલ ચીફ ફાયર ઓફિસર સહિતના પદ ખાલી હોવાનું પણ સામે આવ્યું છે. બંને પદ હાલ ઈન્ચાર્જ અધિકાઓના ભરોસે ચાલી રહ્યાં હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ઉલ્લેખનીય છેકે, હાલ અમદાવાદ ફાયરબ્રિગેડમાં ૮૮૦ મંજૂર મહેકમની જગ્યાએ માત્ર ૫૪૫નો સ્ટાફ જ ઉપલબ્ધ છે. મેગાસિટી અમદાવાદ ફાયરબ્રગિડેના સ્ટાફમાં ૩૩૫ કર્મચારીઓ-અધિકારીઓની જગ્યા ખાલી છે.

એક તરફ એએમસીની હદ ૪૬૬ ચો.કીમી થી વધી ૫૦૪ ચો.કીમી થઈ, છતા સ્ટાફ મુદે ગંભીર બેદરાકારી જોવા મળી રહી છે. શહેરમાં સતત બનતા આગ સહીતના ઈમરજન્સી બનાવોમાં સતત વધારો થઈ થઈ રહ્યો છે. એએમસીના વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે જણાવ્યુંકે, અમદાવાદ મનપાનું તંત્ર સાવ ખાડે ગયું છે. ખાસ કરીને ફાયર બ્રિગેડમાં સ્ટાફની મોટી અછત છતા ભરતી કરાતી નથી.

## શ્રીબાઈ માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થતાં મુખ્યમંત્રીશ્રી



। (માહિતી બ્યુરો) ગીર સોમનાથ, તા.૨૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે પ્રજાપતિ સમાજના વિશ્વવિખ્યાત અને આરાધ્ય સ્થળ એવા તાલાલા ખાતે આવેલ શ્રીબાઈ માતાજીના ધર્મસ્થાન ખાતે આયોજીત નૂતન મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા હતાં. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શ્રીબાઈ માતાજી પ્રજાપતિ સમાજના આરાધ્ય માતાજી છે. પ્રજાપતિ સમાજ સરળ અને મહેનતુ છે. “એ ભલો અને કામ ભલું”નો મંત્ર અપનાવીને આ સમાજ સ્વમહેનતે આગળ આવ્યો છે. દરેક ધાર્મિક સ્થળો માટે રાજ્ય સરકાર જવાબદારી નિભાવવા માટે તૈયાર છે. તેમ જણાવી તેમણે જણાવ્યું હતું કે, એક મહિના પહેલા ૨૨ તારીખે જ હિંદુધર્મના આસ્થાના પ્રતિક એવા અયોધ્યાના રામમંદિરમાં રામલલ્લાની સ્થાપના થઈ હતી અને આજે બરાબર એક મહિના બાદ ૨૨ તારીખના રોજ શ્રીબાઈ માતાજી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે. આપણા વારસા અને વિરાસત પર ગૌરવ થાય તે રીતે વિકાસ કરીને અન્યોને પણ ગુજરાતે રાહ ચીંધ્યો છે. શ્રીબાઈ માતાજી ધર્મસ્થાનના રૂ.૧૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવશે તેની વિગતો આપી મંદિર ખાતે સ્થાપિત ૪૦૦૦ કિ.ગ્રાના ઘંટનું મુખ્યમંત્રીશ્રીએ સ્ટેજ પરથી ડિજિટલી લોકાર્પણ કર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાતની શૃંખલાના કારણે ગુજરાતમાં ધંધા-રોજગાર માટે દુનિયાભરમાંથી ઉદ્યોગો આવી રહ્યાં છે. આ ઉદ્યોગો માટે સ્કિલ્ડ મેનપાવરની જરૂર હોય છે. આ સમયે ઉદ્યોગને અનુકૂળ એવા સ્કિલ્ડ મેનપાવર માટે તે માટેનું શિક્ષણ જરૂરી છે. આપણા દીકરા-દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી રહ્યાં છે. તેથી ચોક્કસ આ દિશામાં આપણે સફળ થઈશું તેની ભૂમિકા તેમણે આપી હતી. પહેલા રૂ. એક લાખનું કામ કરવા માટે બહુ તકલીફ પડતી હતી. જ્યારે આજે રૂ.૧૬ કરોડનું કામ સરળતાથી મંજૂર કરી દેવામાં આવે છે. રાજ્ય સરકારે પર્યાવરણની ચિંતા કરીને વિકાસ કરવાની નેમ લીધી છે. આ વર્ષે રૂ. ૩.૩૨ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ ગુજરાત સરકારે રજૂ કર્યુ છે. નીતિ આયોગ પ્રમાણે નાણાંકિય વ્યવસ્થાપનમાં ગુજરાત રાજ્ય દેશમાં નંબર ૧ પર છે. ત્યારે, સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ દ્વારા વિકસિત ભારત જ ૨૦૪૭ માટે ગુજરાતે લીડરશીપ લીધી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની જે રાહ ચીંધી છે તેના મીઠાં ફળ આજે આપણને મળી રહ્યાં છે. પ્રજાપતિ સમાજના આસ્થાના સ્થળ એવા શ્રીબાઈ ધામમાં દેશ-વિદેશમાંથી અનેક લોકો પધારે છે ત્યારે આ સ્થળ ખાતે શૈક્ષણિક સંકુલ માટે પણ જગ્યા ફાળવવામાં આવી છે. પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આ ભૂમિ સંત શુરા અને સાવજની છે. સોરઠની આ શૌર્યભૂમિ પર ૩૩ કરોડ દેવતાનો વાસ છે. ગરવો ગીરનાર અને હરિ અને હરનો સમન્વય ધરાવતી ભૂમિ પર આઈકોનિક ગ્રેટર ગીર યોજના હેઠળ શ્રીબાઈ ધામને વિકસાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તેમણે જૂની સ્મૃતિઓ વાગોળતા જણાવ્યું કે, સને ૧૯૯૫માં એટલે કે ૨૯ વર્ષ પહેલા મેં જ્યારે પ્રથમવાર મંત્રી તરીકેની જવાબદારી સંભાળી ત્યારે સૌ પ્રથમ આ મંદિરે દર્શન કરવા માટે આવ્યો હતો. આ સ્થળે જ્ઞાતિબંધુ અને પરિવારજનો મહત્વના પ્રસંગે એકઠા થઈ સુખ-દુઃખ વહેંચે છે અને દીકરા-દીકરીઓને ધર્મસંસ્કાર આપે છે.

## અમદાવાદમાં યુવાનને લિફ્ટ આપવી ભારે પડી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ધર્મ કરતા ધાડ પડવી એટલે કે કોઈની સેવા કરવા જતાં નુકસાન વેઠવાનો વખત આવવો. આ કહેવતને સાર્થક સાબિત કરતો કિસ્સો શહેરના મણીનગર વિસ્તારમાં જોવા મળ્યો છે. જ્યાં એક એક્ટિવા ચાલકે રસ્તામાં ઉભેલા યુવકને લિફ્ટ આપી તો યુવકએ તેની એકલતાનો લાભ લઈને માર મારવાની ધમકી આપીને પર્સમાંથી રૂપિયા ૫૫૦૦ પડાવી લીધા. શહેરના રામોલ વિસ્તારમાં રહેતા ગીરિષભાઈ રાજપુત લોડીંગ રીક્ષા ચલાવીને તેમનું ગુજરાન ચલાવે છે. ગત ૧૮મી ફેબ્રુઆરીએ રાતના નવેક વાગ્યાની આસપાસ તેઓ એક્ટિલા લઈને મણીનગર રેલ્વે સ્ટેશન ખાતે તેમની ભાડે આપેલી રીક્ષાનું ભાડું લેવા માટે ગયા હતાં. પરંતુ ભાડુઆત ના મળતા તેઓ ઘરે પરત જવા માટે નીકળ્યા હતાં. આ દરમિયાન લગભગ સાડા દસેક વાગ્યાની આસપાસ રેલ્વે સ્ટેશન સામે એએમટીએસ બસ સ્ટેન્ડ પાસે રોડ પર એક અજાણ્યા ઈસમએ તેમને રોકીને મારે આગળ જવું છે, તેમ કહીને લિફ્ટ માંગી હતી. જેથી ફરિયાદીએ તેને એક્ટિવા પાછળ બેસાડતા સિધ્ધી વિનાયક હોસ્પિટલ પાસે હીરપુર રેલ્વે કોલોની આવતા તેણે કહ્યું હતું કે, મારે રેલ્વે કોલોની અંદર જવાનું છે, અંદર મુકી જાવને. જોકે ફરિયાદીએ પોતાને અનુપમ બ્રીજ જવાનું હોવાથી ત્યાં જ ઉતરી જવા માટે કહ્યું હતું. પરંતુ અંદરથી બીજો રસ્તો નીકળે છે, તેમ કહીને આરોપી યુવક તેઓએ અંદરના રસ્તે લઈ ગયો હતો. જ્યાં દેડકી ગાર્ડનના પાછળના ભાગે જ્યાં રસ્તો બંધ હોવાથી ફરીયાદીએ એક્ટીવા ઉભી કરી દીધી હતી.

## હિંમતનગર ખાતે આઈ. સી. ડી. એસ દ્વારા જિલ્લા કક્ષાનો “વાલીઓ સાથેનો સંવાદોત્સવ” અને ભુલકા મેળો યોજાયો

। (માહિતી) હિંમતનગર, તા.૨૧ ।

સાબરકાંઠા જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પુર્વ પ્રાથમિક શિક્ષણ પ્રોજેક્ટ "પા પા પગલી" અંતર્ગત આંગણવાડીના ૩-૬ વર્ષના બાળકોના વિકાસને ધ્યાને રાખી "શિક્ષણની વાત, વાલિઓ સાથેનો સંવાદોત્સવ'' રૂપે ભુલકા મેળા કાર્યક્રમનું આયોજન જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલની અધ્યક્ષતામાં હિંમતનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા પા પા પગલી યોજના થકી આંગણવાડીમાં આવતા બાળકોના જીવનમાં મહત્વના વર્ષોમાં ગુણવત્તા પૂર્ણ જીવન માટેનો મજબૂત પાયો નંખાય અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. આંગણવાડીમાં કાર્યકર અને તેડાગર બહેનો માતા યશોદા બની બાળકોનો માનસિક, સામાજિક અને સર્જનાત્મક વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરી બાળકોના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. આ કાર્યક્રમમાં પરખ સંસ્થાના સંચાલકશ્રી કુ.કૌશલ્યા કુંવરબાએ જણાવ્યું હતું કે બાળકોની આંતરિક શક્તિઓને ખીલવવા માટે આંગણવાડીની બહેનોનો વિશેષ ફાળો રહેલો છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલી સાથેનો સંવાદોત્સવ ખૂબ જરૂરી બની જાય છે.રાજ્ય સરકાર દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ મળી રહે તે માટે પોષણ કીટ આપ વામાં આવે છે. સાથે જ સરકાર કિશોરીઓના સ્વાસ્થ્યની પણ દરકાર કરી છે. મહિલા અને બાળ સમિતિના ચેરમેન શ્રીમતિ લીનાબેન નીનામાએ બાળકોએ રજૂ કરેલ કૃતિ માટે અભિનંદન પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં વાલીઓ સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. ટી. એલ. એમ દ્વારા નાના બાળકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવેલા વિવિધ થીમ આધારિત મોડેલનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. તેમજ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. બાળકોને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**વિશેષ** શ્રી નિમિષ પુરાણીનાં માર્ગદર્શન હેઠળ શાળાના ઇવેન્ટ કો- ઓર્ડીનેટર જયેન્દ્રસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવેલ

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડિયાદ દ્વારા “WORLD DAY SOCIAL JUSTICE – વિશ્વ સામાજીક ન્યાય દીન” ની ઊજવણી અંતર્ગત કાનૂની શિક્ષણ કાર્યક્રમ યોજાયો





। (માહિતી) નડિયાદ ।

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડિયાદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન. એ. અંજારીઆની સૂચના અને માર્ગદર્શન અનુસાર ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષીનાં નેતૃત્વ હેઠળ તાલુકા કાનૂની સેવા સમિતિ, સિનિયર સિવિલ કોર્ટ, નડીઆદના ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ શ્રી. જે.આર.પંડિત દ્વારા મફત કાનૂની સેવા-સહાય અને શિક્ષણની જાણકારી તમામ નાગરિકો સુધી પહોચે તે હેતુસર જનજાગૃતિ અને પ્રચાર-પ્રસારની સઘન અને અસરકારક કામગીરી થાય તે માટે સમયાંતરે અને નિયમિત રૂપે કાનૂની શિક્ષણનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેનાં ભાગરૂપે તા.૨૦/૦૨/૨૦૨૪ નાં રોજ “WORLD DAY SOCIAL JUSTICE – વિશ્વ સામાજીક ન્યાય દીન’’ ની ઉજવણી અંતર્ગત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે અભ્યાસ કરતાં વિધાર્થીઓને બાળકો - મહિલાઓને લગતાં કાયદાઓ તથા મફત અને સક્ષમ કાનૂની સેવાઓ વિશેની માહિતી આપવાના હેતુસર એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજનાં આ કાર્યક્રમના યજમાન તરીકે પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ નડીઆદનાં આચાર્ય ડો. યોગેશ જૈન દ્વારા સ્વાગત પ્રવચન કરીને સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડીઆદનાં પેરા લીગલ વોલન્ટીયર શ્રી. આર. આર. સોલંકી દ્વારા મફત અને સક્ષમ કાનૂની સહાય વિષય પર વિશેષ માહિતી અને સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં કાર્યક્રમનાં અધ્યક્ષ એવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડિયાદના ફુલ ટાઈમ સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ શ્રી. ડી બી. જોષી દ્વારા “WORLD DAY SOCIAL JUSTICE – વિશ્વ સામાજીક ન્યાય દીન’’ ઉજવણીનો હેતુ, બાળકો - મહિલાઓને લગતા કાયદાઓ તથા મફત અને સક્ષમ કાનૂની સહાય વિષય પર વિશેષ માહિતી અને સમજ આપીને સૌ વિધાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. આજનાં આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થા પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ નડીઆદનાં વહીવટી અધિકારી શ્રી. નિમિષ પુરાણીનાં માર્ગદર્શન હેઠળ શાળાના ઈવેન્ટ કો- ઓર્ડીનેટર જયેન્દ્રસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવેલ, જેમાં મહિલા શાળાનાં શિક્ષકગણ તથા વિધાર્થીઓ સહિત કુલ-૧૪૦ વ્યક્તિઓએ હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## પાકિસ્તાનના નવા વડાપ્રધાન શાહબાઝ શરીફ બનશે



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) અને પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન) આખરે મંગળવારે (૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪)ના રોજ પાકિસ્તાનમાં નવી ગઠબંધન સરકારની રચના માટે ઘણા દિવસોની વાટાઘાટો પછી એક સમજૂતી પર પહોંચી. પાર્ટીના નેતાઓએ આ સંબંધમાં માહિતી શેર કરી છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ મંગળવારે મોડી રાત્રે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન)ના અધ્યક્ષ શેહબાઝ શરીફ ફરીથી વડા પ્રધાનની ભૂમિકા નિભાવશે, જ્યારે પીપીપીના સહ-પ્રમુખ આસિફ ઝરદારીએ દેશના આગામી રાષ્ટ્રપતિ હશે. જિયો ન્યૂઝે ભુટ્ટો-ઝરદારીને ટાંકીને કહ્યું કે, “PPP અને PML-Nએ જરૂરી સંખ્યા હાંસલ કરી લીધી છે અને (હવે) અમે સરકાર બનાવવાની સ્થિતિમાં છીએ.’’ ચૂંટણી પછી ઘણી અનિશ્ચિતતા વચ્ચે, PPP અને PML-N ટોચના NCP નેતાઓએ પુષ્ટિ કરી કે તેઓ “દેશના શ્રેષ્ઠ હિતમાં’’ ફરી એકવાર સરકાર બનાવવા માટે દળોમાં જોડાઈ રહ્યા છે. ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ નેશનલ એસેમ્બલીની ૯૩ બેઠકો જીતી છે.

## સુપ્રીમ કોર્ટના વકીલ ફલી એસ. નરીમનનું નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી એસ નરીમનનું નિધન થયું છે. તેઓ ઈન્દિરા સરકાર દરમિયાન દેશના એડિશનલ સોલિસિટર જનરલ (૭૭ઝ૪) હતા. તેમને યાદ કરતાં વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ કહ્યું હતું કે તેઓ એક લિવિંગ લિજેન્ડ હતા, જેમને કાયદા અને જાહેર જીવન સાથે જોડાયેલા લોકો હંમેશા યાદ રાખશે. તેમની સિદ્ધિઓ ઉપરાંત તેઓ તેમના સિદ્ધાંતોમાં અડગ રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ફલી એસ. નરીમનનું બુધવારે ૯૫ વર્ષની વયે નિધન થયું છે. તેમણે દિલ્હીમાં અંતિમ શ્વાસ લીધા હતા. નરીમનને વકીલ તરીકે ૭૦ વર્ષથી વધુનો અનુભવ હતો. નવેમ્બર ૧૯૫૦માં ફલી એસ. નરીમન બોમ્બે હાઈકોર્ટમાં વકીલ તરીકે રજિસ્ટર થયા હતા. તેમને ૧૯૬૧માં વરિષ્ઠ વકીલનો દરજ્જો આપવામાં આવ્યો હતો. બોમ્બે હાઈકોર્ટ પછી નરીમને ૧૯૭૨ માં ભારતની સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. મે ૧૯૭૨માં તેમને ભારતના એડિશનલ સોલિસિટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. નરીમનને યાદ કરતાં સિંઘવીએ કહ્યું હતું કે ‘તેમણે કહ્યું હતું.

### શેરબજારમાં તેજીને બ્રેક વાગી

# સેન્સેક્સમાં ૪૩૪, નિફ્ટીમાં ૧૪૨ પોઈન્ટનો કડાકો જોવાયો

## શેરબજારના ટોપ ગેનર્સમાં ટાટા સ્ટીલ, એસબીઆઈ, જેએસડબલ્યુ સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરનો સમાવેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લગભગ ૬ દિવસના ઉછાળા બાદ બુધવારે શેરબજાર નુકસાનમાં બંધ થયું. બુધવારે શેરબજાર ૪૩૪ પોઈન્ટ ઘટીને ૭૨,૬૨૩ પોઈન્ટના સ્તરે બંધ થયું હતું, જ્યારે નિફ્ટી ૧૪૨ પોઈન્ટ ઘટીને ૨૨૦૫૫ પોઈન્ટના સ્તરે બંધ થયું હતું. શેરબજારના ટોપ ગેનર્સમાં ટાટા સ્ટીલ, એસબીઆઈ, જેએસડબલ્યુ સ્ટીલ અને ઈન્ડસઈન્ડ બેંકના શેરનો સમાવેશ થાય છે.

જ્યારે શેરબજારના ટોપ લુઝર્સમાં બીપીસીએલ, કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ અને એનટીપીસીના શેરનો સમાવેશ થાય છે. સેક્ટર મુજબ મીડિયા ટોપ લુઝર્સમાં છે. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૮ના શેર લાલ નિશાનમાં બંધ



થયા હતા. એફએમસીજીજાયન્ટ અદાણી વિલ્મરમાં મહત્તમ નબળાઈ નોંધાઈ હતી જ્યારે અદાણી ટોટલ ગેસ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો. બુધવારે શેરબજારના અસ્થિર ટ્રેડિંગ સમયગાળા દરમિયાન સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો.


### રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનો બચાવ

# યુએસ સહિતના દેશોએ પાક.ને શસ્ત્રો આપ્યા : એસ. જયશંકર

## ભારત પૈસા આપી શસ્ત્રો ખરીદવાની રજૂઆત કરે તો પણ તેને આપવામાં આવતાં ન હતા : વિદેશ પ્રધાન મ્યુનિચમાં

। (એજન્સી) મ્યુનિચ, તા.૨૧ ।

વિદેશ મંત્રી એસ.જયશંકરે મંગળવારે કહ્યું હતું કે રશિયાએ ભારતનાં હિતોને કદી નુકસાન નથી પહોંચાડયું. આ સાથે રશિયા પાસેથી તેલ ખરીદવાનો પણ બચાવ કરતાં કહ્યું કે ભારત જો રશિયા પાસેથી તેલ ન ખરીદે તો તેલ બજારમાં અફડા તફડી મચી જાત. એસ. જયશંકર અત્યારે મ્યુનિચ સલામત કોન્ફરન્સ અંગે જર્મનીમાં છે. ત્યાં પત્રકારો સાથેની વાતચીતમાં, ભારત-રશિયા સંબંધો અંગે મહત્ત્વની વાતો કરી હતી. જેમાં તેઓએ રશિયા સાથેની મૈત્રી પાકિસ્તાન અને પશ્ચિમના દેશો વિષે ખુલ્લાં મને વાત કરી હતી. ભારત રશિયા સંબંધો અંગે તેઓ કહ્યું કે રશિયાએ ભારતનાં હિતોને કદી નુકસાન નથી પહોંચાડયું. અમારી વચ્ચે સ્થિર અને મૈત્રીભર્યા સંબંધો



છે. આઝાદી પછીનાં ભારત સાથે તેના સંબંધો સતત સારા જ રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા પછી અમેરિકાના નેતૃત્વમાં પશ્ચિમના દેશોએ રશિયા પાસેથી તો ખરીદવું બંધ કરી દીધું હતું. તેથી રશિયાએ ભારતને સસ્તા દરે તેલ ઓફર કર્યું. જે ભારતે સહર્ષ સ્વીકારી લીધું.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે હેલેનિક રિપબ્લિક (ગ્રીસ)ના વડાપ્રધાન કિરિયાકોસ મિત્સોટાકિસના ઔપચારિક સ્વાગાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

### અનુષ્કા અને વિરાટ બીજી વખત માતા-પિતા બન્યા

## સોશિયલ મીડિયા પર અકાય નામના ઘણા એકાઉન્ટ બન્યા




। (એજન્સી) નવી મુંબઇ, તા.૨૧ ।

બોલિવૂડ સ્ટાર્સ પોતે જેટલા ફેન્સ વચ્ચે પ્રખ્યાત હોય છે, તેનાથી વધારે લાઈમ લાઈટમાં તેમના બાળકો આવતા હોય છે. કોઈ પણ સેલિબ્રિટીના ઘરે જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારથી તેની એક ઝલક જોવા માટે ફેન્સ અને મીડિયા કેમેરા રેડી કરીને જ જાણે બેઠાં હોય છે અને હવે તો સોશિયલ મીડિયાનો જમાનો છે. હાલ અનુષ્કા અને વિરાટ બીજી વખત માતા-પિતા બન્યા છે. અભિનેત્રીએ ૧૫ ફેબ્રુઆરીએ પુત્રને જન્મ આપ્યો હતો. આ ખુશીના સમાચાર તેમણે પોતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરીને આપ્યા હતા. બાળકની જાહેરાત કરતા અનુષ્કા અને વિરાટે સોશિયલ મીડિયા પર લખ્યું,’’’અમે એ જાહેરાત કરતા ખૂબ જ ખુશ છીએ કે, ૧૫ ફેબ્રુઆરીએ અમે અમારા પુત્ર અકાય અને વામિકાના નાના ભાઈનું સ્વાગત કર્યું છે. આ ખુશીના સમયમાં અમને તમારા બધાના પ્રેમ અને આશીર્વાદની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ કે, આ સમયે અમારી પ્રાઈવસીની રિસ્પેક્ટ કરવામાં આવે.’’ વિરાટ અને અનુષ્કાએ તેમના પુત્રનું નામ અકાય રાખ્યું છે પરંતુ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ આશા નહીં રાખી હોય કે તેમનો પુત્ર જન્મતાની સાથે જ સોશિયલ મીડિયા સ્ટાર બની જશે. પુત્રનો ચહેરો પણ હજુ સુધી જોવા મળ્યો નથી અને તેના નામની ચર્ચા થઈ રહી છે. બંનેને અપેક્ષા નહોતી કે તેમનો પુત્ર આટલો જલ્દી સોશિયલ મીડિયા સ્ટાર બની જશે. વાસ્તવમાં, બંનેએ પુત્રના જન્મના ગુડ ન્યુઝ આપતાં જ અકાય નામના ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બનાવવામાં આવ્યા હતા. કેટલાકમાં વિરાટ, અનુષ્કા અને વામિકાના ફોટા છે. કેટલાક આઈડીમાં વિરાટના બાળપણના ફોટા છે તો કેટલાકમાં તે ક્રિકેટરનો લેટેસ્ટ ફોટો છે. ઘણા સમયથી સમાચાર આવી રહ્યા હતા કે અનુષ્કા ગર્ભવતી છે. ઘણી વખત અભિનેત્રીના બેબી બમ્પને પણ ચાહકો દ્વારા જોવામાં આવ્યા હતા, પરંતુ બંનેએ અંત સુધી કોઈ જાહેરાત કરી ન હતી અને ન તો આ વિશે ક્યારેય કોઈ ટિપ્પણી કરી હતી. અનુષ્કા દરેક ઈવેન્ટમાં લૂઝ આઉટફિટ પહેરતી હતી જેથી તેનો બેબી બમ્પ હાઈલાઈટ ન થાય. જો કે એવું કહેવામાં આવી રહ્યું હતું કે, બંને જલ્દી જ પ્રેગ્નન્સીની જાહેરાત કરશે, પરંતુ એવું થયું નહીં અને બાળકના જન્મની સીધી જાહેરાત કરવામાં આવી. એવા પણ સમાચાર હતા કે, બંનેના બાળકનો જન્મ લંડનમાં થશે.

### અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી

# અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને ખરાબ ગણાવ્યા

## યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને ૧૪મું સ્થાન અપાયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે જેને હવે ગણતરીના જ મહિનાઓ બાકી છે ત્યારે હવે એક ચોંકાવનારો સરવે બહાર આવ્યો છે જેમાં અમેરિકાના તમામ ૪૫ પ્રમુખોમાંથી ડોનાલ્ડ ટ્રમ્પને સૌથી ખરાબ ગણાવવામાં આવ્યા છે. આ યાદીમાં વર્તમાન પ્રમુખ બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે. અમેરિકામાં આ વર્ષે ૫મી નવેમ્બરે યોજાનારી ચૂંટણી બાદ નક્કી થશે કે વિશ્વના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ કોણ બનશે. ઉલ્લેખનીય છે કે રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પાર્ટીમાં જો બાઈડેન જે રીતે પોતાના વિરોધીઓ પર લીડ લેતા જોવા મળી રહ્યા છે, ત્યારે આ બંને વચ્ચે જબરી સ્પર્ધા જોવા મળી શકે છે. આ વચ્ચે અમેરિકામાં પ્રેસિડેન્ટ ડેના એક દિવસ પહેલા પ્રેસિડેન્શિયલ ગ્રેટનેસ પ્રોજેક્ટ એક્સપર્ટ સરવેમાં અમેરિકન નેતાઓની યાદી બહાર પાડવામાં આવી છે. ૧૫ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવેલા આ સરવે અનુસાર, પૂર્વ અમિકન પ્રમુખડોનાલ્ડ ટ્રમ્પને



યાદીમાં સૌથી નીચે રાખવામાં આવ્યા છે જ્યારે અમેરિકાના વર્તમાન પ્રમુખ જો બાઈડનને ૧૪મું સ્થાન આપવામાં આવ્યું છે. યુનિવર્સિટી ઓફ કોસ્ટલ કેરોલિનાના વોન અને યુનિવર્સિટી ઓફ હ્યુસ્ટનના રોટીંગહોસે ૧૫૪ વિદ્વાનોનો સરવે કર્યો હતો, જેમાં અમેરિકન પોલિટિકલ સાયન્સ એસોસિએશનના અધ્યક્ષો અને એક્ઝિક્યુટિવ પોલિટિક્સ વિભાગના વર્તમાન અને તાજેતરના સભ્યોનો સમાવેશ થાય છે. આ નિષ્ણાતોએ લોકોને સમજાવ્યું હતું કે તેમનું લક્ષય શ્રેષ્ઠ પ્રમુખ કોણ છે તે જાણવાનું છે. આ સરવેમાં અમેરિકાના અત્યાર સુધી રહી ચૂકેલા તમામ ૪૫ પ્રમુખોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ

# કાશ્મીર ઘાટી અને લદ્દાખમાં આ દિવસોમાં બરફ વર્ષા પડી રહી છે

## બરફ વર્ષાને કારણે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે, જે વિશેષ કરીને સ્કીઇંગ માટે પહોંચી રહ્યાં છે

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૨૧ ।

દેશના સ્વર્ગ ગણાતા એવા જમ્મુ કાશ્મીરમાં હાલ વિચિત્ર ઋતુ જોવા મળી રહી છે.. જમ્મુ કાશ્મીરના પહાડી વિસ્તારોમાં બરફ વર્ષા થઈ રહી છે જ્યારે શ્રીનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. બરફ વર્ષા અને વરસાદના કારણે હાલ જમ્મુ કાશ્મીરના અનેક ભાગોમાં વાતાવરણનો વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરના ખારીના આ દ્રશ્યો છે. સફેદ બરફની ચાદરમાં ટ્રેન પણ ઢંકાય ગઈ છે અને ટ્રેનના પાટા પણ. જમ્મુ કાશ્મીરનો આવો નજારો ક્યારેક જ જોવા મળે છે..

પહાડોના દ્રશ્યો એવા છે જાણે બરફની દિવાલ ચણાય ગઈ હોય.. બરફવર્ષાથી બચવા માટે સહેલાણીઓ છત્રીનો સહારો લઈ રહ્યા છે.. ખારી રેલવે સ્ટેશન પર હાલ માત્રને માત્ર બરફ સિવાય બીજું કશું નથી.. જમ્મુ કાશ્મીરમાં સતત ત્રણ દિવસની બરફવર્ષા બાદ આ સ્થિતિ જોવા મળી છે.. લોકો સેલ્ફી લઈ રહ્યા છે, કુદરતના આ અદભૂત સુખનો આનંદ માણી રહ્યા છે. આના



એક દિવસ પહેલાં રાજ્યના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે.. આ દ્રશ્યો જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના છે. બરફવર્ષાના કારણે માહોલ જ બદલાય ગયો છે.. બરફવર્ષાથી જાણે ધરતીએ સફેદ ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.. ઘરની છત પર પણ બરફની ચાદર પથરાય ગઈ છે.. એવું લાગી રહ્યું છેકે, આ ભારતના નહીં પરંતુ યુરોપના કોઈ દેશના દ્રશ્યો હોય. દેશના પ્રથમ રાજ્ય જમ્મુ કાશ્મીરની આ પરિસ્થિતિ છે. જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડ્યો છે જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે..

### માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા રાહતના સમાચાર

# ડ્રાઈવિંગ, લર્નિંગ અને કંડક્ટર લાઈસન્સની માન્યતા ૨૯ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

## જે લાઈસન્સ ધારકોની માન્યતા ૩૧ જાન્યુઆરી અને ૧૫ ફેબ્રુઆરી વચ્ચે પૂરી થઈ છે તેમના માટે રાહતના સમાચાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

જેમના ડ્રાઈવિંગ લાઈસન્સ, લર્નર લાઈસન્સ અને કંડક્ટર લાઈસન્સની વેલિડિટી પૂરી થવા આવી હોય તેવા લોકોને માર્ગ પરિવહન મંત્રાલયે મોટી રાહત આપી છે. માહિતી પ્રમાણે જે લાઈસન્સ ધારકોની માન્યતા ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ વચ્ચે પૂરી થઈ ગઈ છે, તેમના માટે લાઈસન્સની વેલિડિટી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. માર્ગ પરિવહન મંત્રાલય અને હાઈવે મંત્રાલયે આ બાબતે સર્કુલર




બહાર પાડી માહિતી આપી છે. માર્ગ પરિવહન મંત્રાલય અને હાઈવે મંત્રાલય એ સર્કુલરમાં જણાવ્યું છે કે સારથી પોર્ટલ (https://sarathi.parivahan.gov.in) માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કારણોને લીધે અરજીકર્તાઓને ૩૧ જાન્યુઆરીથી લઈને ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન લાઈસન્સ રિલેટેડ સર્વિસ મામલે કેટલીક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સર્કુલર મુજબ આરટીઓ ઓફિસમાં ભીડ ઓછી કરવા અને સર્વિસને ચાલુ રાખવા માટે આ પોર્ટલ પર ઓનલાઈન સર્વિસને આંશિક રુપે નાગરિકો માટે ડિસેબલ કરી દેવામા આવી હતી જેથી કરીને આરટીઓ ઓવરલોડ વગર કામ કરી શકે. આંશિક રીતે ઓનલાઈન સેવાઓ બંધ કરવાના કારણે અરજદારો ફી ભરી શકતાં નથી.

## સપ્તાહમાં ચાર પોર્ટલ લોન્ચ થશે, સરકારી વીડિયો અને માહિતી શેર કરાશે

। નવી દિલ્હી, તા.૨૧ ।

સરકાર દ્વારા ઓનલાઈન પોર્ટલ પર ખૂબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સમય-સમય પર સરકાર અનેક નવી વેબસાઈટ અને પોર્ટલ લાવી રહી છે. હવે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પણ આવો જ એક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે મંત્રાલય દ્વારા આ અઠવાડિયે ૪ ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરવામાં આવશે. તેના પર સરકાર દ્વારા તૈયાર થતાં વીડિયો અને માહિતી શેર કરવામાં આવશે. આ પહેલી વખત નથી જ્યારે સરકાર દ્વારા આ સ્ટેપ લેવામાં આવ્યું હોય. સાયબર ક્રાઈમ રોકવાથી લઈને માહિતી શેર કરવા સુધી સતત ભારત સરકાર દ્વારા નવા પગલા ભરવામાં આવી રહ્યા છે.

### મહિલાઓના હિતમાં સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# લગ્નના આધાર પર નોકરીમાંથી કોઈને પણ છૂટા ન કરી શકાય : સુપ્રીમ કોર્ટ

## ૨૬ વર્ષ પહેલા એક મહિલા અધિકારીને તેના લગ્ન થઈ ગયા હોઈ નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટે મહિલાઓના હિતમાં મોટો ચુકાદો આપ્યો છે. ૨૬ વર્ષ જૂના કેસમાં સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈને નોકરીમાંથી છૂટા ન કરી શકાય. આજથી ૨૬ વર્ષ પહેલા લગ્નના આધાર પર એક મહિલા અધિકારીને માત્ર એટલા માટે નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી કારણ કે, તેના લગ્ન થઈ ગયા હતા. હવે સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી કરતા મહિલાના હિતમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે,



આ પ્રકારનો નિયમ ખૂબ જ મનસ્વી હતો. મહિલાના લગ્ન થઈ જવાના કારણે તેને નોકરીમાંથી છૂટી કરી દેવી એ લિંગ ભેદભાવ અને અસમાનતા છે. આ મામલે સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈ પણ મહિલાઓને નોકરીમાંથી છૂટી ન શકાય. મહિલા કર્મચારીઓને લગ્નના આધાર પર પોતાના અધિકારથી વંચિત ન રાખી શકાય. તેને આધાર બનાવનારા નિયમો ગેરબંધારણીય છે. આ નિયમો પિતૃસત્તાક છે જે માનવ ગરિમાને નબળી પાડે છે. આવા નિયમો નિષ્પક્ષ વ્યવહારના અધિકારને નબળા પાડે છે. આટલું જ નહીં કોર્ટે કેન્દ્ર સરકારને લગ્નના આધાર પર નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવેલ સૈન્ય નર્સિંગ ઓફિસરને ૬૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

## તંત્રી લેખ...

# ખેડૂતોના આંદોલનની અસર વેપાર-ધંધા પર પડી

ખેડૂતોના આંદોલનની અસર વેપાર-ધંધા પર પણ જોવા મળી રહી છે. દેશના વેપારીઓના સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના આંકડા મુજબ ખેડૂતોના પ્રદર્શનને કારણે વેપારને અસર થઈ રહી છે. ખેડૂતોના આંદોલનને કારણે એકલી દિલ્હીમાં અત્યાર સુધીમાં ૩૦૦ કરોડ રૂપિયાના વેપારનું નુકસાન થઈ રહ્યું છે. અંબાલા શહેરનું કાપડ બજાર ઠપ્પ થઈ ગયું છે. દરરોજ અન્ય રાજ્યોમાંથી લગભગ ૫ લાખ વેપારીઓ નજીકના રાજ્યોમાંથી ખરીદી માટે દિલ્હી આવે છે. ખેડૂતોના આંદોલનને કારણે આ વેપારીઓએ દિલ્હી આવવું બંધ કરી દીધું છે. CAT અનુસાર, રોડ બ્લોક વિસ્તારોની નજીક આવેલી દુકાનોને ધંધાનું મોટું નુકસાન થઈ રહ્યું છે, કારણ કે હાઈવે બ્લોક માત્ર ગ્રાહકોને જ નહીં પરંતુ લોજિસ્ટિક કામગીરીને પણ અસર કરે છે. આ આંદોલનનો બોજ હવે મોંઘવારીના રૂપમાં સામાન્ય જનતા પર પડવાનો છે. ટ્રકોની અવરજવરને અસર થવાને કારણે માંગ-પુરવઠાના તફાવતની રમત શરૂ થાય છે. જેના કારણે રોજબરોજની વસ્તુઓ સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચી શકતી નથી. જો તેઓ પહોંચે તો પણ તેમના ભાવ આસમાને ગયા છે. લસણ અને ડુંગળી જેવી રોજીંદી વપરાતી ચીજવસ્તુઓ બજારમાં મોંઘી થઈ ગઈ છે, જો આંદોલન બંધ નહીં થાય તો આગામી દિવસોમાં મોંઘવારીનો બોજ વધુ વધી શકે છે. દિલ્હી, નોઈડા, ગ્રેટર નોઈડા ઉપરાંત અંબાલાના કાપડ બજારમાં પણ આ આંદોલનની અસર જોવા મળી રહી છે. MSP ગેરંટી એક્ટને લઈને તેમની માંગ પર અડગ રહેલા ખેડૂતો અંબાલાના શંભુ ટોલ પ્લાઝા પર પણ વિરોધ કરી રહ્યા છે. જેના કારણે અહીંનું કાપડ બજાર ઠપ્પ થઈ ગયું છે. કાપડ માર્કેટ સુધી પહોંચતો ટોલ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે. તેથી, આવવા જવાનું સંપૂર્ણ બંધ થવાથી, વેપારીઓએ તેમની દુકાનો બંધ કરવી પડી છે. ખેડૂતો એમએસપી ગેરંટી એક્ટને લઈને તેમની માંગ પર અડગ છે. જો સરકાર આ માંગણીઓ સ્વીકારે છે તો સરકારી તિજોરી પર ૧૦ લાખ કરોડ રૂપિયાનો બોજ પડી શકે છે. આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૦ માટે કુલ MSP ખરીદી ૨.૫ લાખ કરોડ રૂપિયા છે. જે કુલ કૃષિ પેદાશના લગભગ ૨૫ ટકા જેટલું છે. આવી સ્થિતિમાં જો સરકાર MSP ગેરંટી કાયદો લાવે છે તો સરકારી તિજોરી પર મોટો બોજ પડશે. આ સમગ્ર સમસ્યાને સમજવા માટે પહેલા એ સમજવું જરૂરી છે કે સરકાર દરેક પાક પર MSP નથી આપતી. સરકાર દ્વારા ૨૪ પાક પર એમએસપી પણ નક્કી કરવામાં આવી છે.

# INS વાલસુરા ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરોનો દીક્ષાંત સમારોહ યોજાયો

## તાલીમ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ત્રણ અગ્નિવીરો પૈકી બે દીકરીઓએ ભારતીય નારીના ગૌરવમાં વધારો કર્યો છે



। (માહિતી) જામનગર ।

INS વાલસુરા ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરોનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ અગ્નિવીરોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વાલસુરા ટ્રેનિંગ સેન્ટર માં આવીને મને અપાર પ્રસન્નતા મળી છે. અગ્નિવીરોને પરેડમાં ભવ્ય પ્રદર્શન બદલ તેમજ પ્રશિક્ષણ આપનાર ટ્રેનરોને હું શુભકામનાઓ પાઠવું છું. વાલસુરામાં નાવીન્ય, ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રાકૃતિક વાતાવરણમાં દેશ માટે બહાદુર વીરો તૈયાર થયા છે. તાલીમ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ત્રણ અગ્નિવીરો પૈકી બે દીકરીઓનું સમ્માન થયું છે. આ દીકરીઓએ ભારતીય નારીના ગૌરવમાં વધારો કર્યો છે. આપણા દેશની મહિલાઓ દરેક ક્ષેત્રમાં કીર્તિ મેળવી રહી છે. ૧૮ થી ૨૧ વર્ષના અગ્નિવીરોનો જોશ અદ્ભૂત છે. નૌસેના દેશનું ગૌરવ અને રાષ્ટ્રનું સમ્માન છે. કુદરતી આફત હોય કે આપાત્કાલિન સ્થિતિ ભારતીય સેના સદાય દેશ સેવામાં તત્પર રહે છે.

રાજ્યપાલશ્રીએ અગ્નિવીરોને ઉપદેશ આપતાં જણાવ્યું હતું કે, જે લોકો કર્મયોગી અને પરિશ્રમી હોય છે તેઓ દુનિયામાં કંઈ પણ પ્રાપ્ત કરી શકે છે. પરિશ્રમ વગર જંગલના રાજા સિંહને પણ ભોજન મળતું નથી. સત્ય વ્યક્તિને બહાદુર અને નીડર બનાવે છે. સત્ય પ્રકાશ સમાન છે. જે અગ્નિવીરો દેશની રક્ષા અર્થે જઈ રહ્યા છે તેઓને પોતાના કાર્યક્ષેત્રમાં જઈ સત્યનું આચરણ કરવા, રાષ્ટ્રધર્મનું પાલન કરવા, માતાપિતા તથા ગુરુ પ્રત્યે આદરભાવ કેળવવા શીખ આપી હતી. આ તકે તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૩ અગ્નિવીરોને રાજયપાલશ્રીના હસ્તે સન્માનિત કરાયાં હતા. નૌસેનાનું રાષ્ટ્ર અને સમાજમાં મહત્વનું યોગદાન છે. દેશ માટે બલિદાન આપવાની ભાવનાથી સેનાની ત્રણેય પાંખો દેશના નાગરિકોનું રક્ષણ કરી રહી છે. સૈનિકોના ત્યાગ, તપસ્યા અને બલિદાનના પરિણામે સમગ્ર દેશમાં આજે શાંતિ પ્રવર્તી રહી છે.

વાલસુરા વૉર મેમોરિયલ પર રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દ્રજી વાલસુરા ખાતે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરેલ ૬૮ મહિલા કેડેટ્સ, ૩૮ ભારતીય કોસ્ટ ગાર્ડ સહિત ૪૪૫ કેડેટ્સનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જ્યાં કેડેટ્સ દ્વારા યોજાયેલ ભવ્ય પરેડનું રાજયપાલશ્રી આને અન્ય મહાનુભાવોએ નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે કોમોડોર શ્રી એ.પુરણકુમાર, એર કોમોડોર શ્રી પુનિત વિગ, કર્નલ શ્રી કુશલસિંહ રાજાવત, જિલ્લા કલેકટર શ્રી બી.કે.પંડયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર શ્રી બી.એન.ખેર સહિત આર્મી, નેવી તથા એર ફોર્સના અધિકારી- કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જ્યારે દુઃખદર્દમાં તડપતા જોઈએ, ત્યારે જે ઉદગાર આપણા મુખમાંથી નીકળે!! તે જ તો પ્રાર્થના છે**

# ઈશ્વર તો આપણને અસત્ય માંહેથી સત્ય તરફ લઈ જવાં તત્પર છે! પણ શું આપણે સત્ય તરફ જવું છે??



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**માનવતા કે પરમાર્થનો માર્ગ ભૂલીને જીવ આજે સ્વાર્થને કેન્દ્રમાં રાખીને જીવતો થઈ ગયો છે, જેને કારણે તેને જ તેનાં જીવનથી સંતોષ નથી, પણ જે કંઈ થઈ ગયું, અથવા તો થઈ રહ્યું છે, કે પછી આવું જ થતું રહેશે!**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાર્થના શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો વિનંતી થાય, અને એ પણ ઈશ્વરને વિનંતી કરવામાં આવે છે કે, તું અમારા જીવનને ઉચ્ચસ્તરે લઈ જવા માટે કંઈક કર! અથવા તો અમારામાં સદભાવ જગાડ કે જેનાથી અમે સારું જીવન જીવી શકીએ. આજના સમયની વાસ્તવિકતા એ છે કે આપણે ઈશ્વર આગળ ઓછું નમીએ છીએ, અને કહેવાતા અગ્રણીઓના ચરણોમાં માથું નમાવી કે ખુશામત કરી આપણા સ્વાર્થ પુરા કરતા હોઈએ છીએ. માનવતા કે પરમાર્થનો માર્ગ ભૂલીને જીવ આજે સ્વાર્થને કેન્દ્રમાં રાખીને જીવતો થઈ ગયો છે, જેને કારણે તેને જ તેનાં જીવનથી સંતોષ નથી, પણ જે કંઈ થઈ ગયું, અથવા તો થઈ રહ્યું છે ,કે પછી આવું જ થતું રહેશે! એવી સંભાવના દેખાય ત્યારે પ્રાર્થના એ જ એક માત્ર વિકલ્પ છે. આમ તો પ્રાર્થના શબ્દ બોલતા જ મન ભરાઈ જાય, એટલો સુંદર અહેસાસ શબ્દમાં જ રહેલો છે. ઈશ્વર સાથે અનુસંધાન જોડવા યુગોથી જીવ કંઈક માર્ગ અપનાવે છે, પરંતુ પ્રાર્થના જેવો સીધો સરળ માર્ગ એક પણ નથી. નથી તેમાં ભાષાનું મહત્વ, નથી તેમાં ભોગ્ય કે સાધનનું મહત્વ, કે નથી તેમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ.

કવિશ્રી નાનાલાલ ગુજરાતી સાહિત્યના સમર્થ કવિ તેમના રચિત આ પ્રાર્થના છે. શાંતિ મંત્રનો ગુજરાતી ભાવાર્થ ધરાવતી કવિ ન્હાનાલાલની આ પ્રાર્થના ખૂબ જ જ્ઞાન વર્ધક છે. વેદ ઉપનિષદ કે શાસ્ત્રોના સંસ્કૃત મંત્ર હોય, તો તેનો ભાવાર્થ આપણે આસાનીથી કરી લેતા હોઈએ છીએ. કવિની રચનાનો સીધોસાદો અર્થ જોઈ શકાય છે, કે અસત્ય માંથી સત્ય તરફ તું મને દોરી જા, ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા, એટલે કે જીવનમાં જેટલું જેટલું હું ખોટું કરું છું તેનાથી મને બહાર કાઢી, અને સત્યના માર્ગ તરફ લઈ જા, સંસારિક વ્યવહારો હોય,કે કર્મ હોય, કે સમયને કારણે જે કોઈ દ્વિધા રૂપી અંધારું મને અત્યારે ભાસી રહ્યું છે, તેમાંથી તું મને અજવાળા તરફ લઈ જા, અથવા તો જ્ઞાનનું અજવાળું આપ, જેને કારણે મારા જીવનના આ અંધારાનો નાશ થાય. દરેકે દરેક જીવ ગમે ત્યારે, અને ગમે તે સમયે ઈશ્વરને પોકારી શકે છે.આમ પણ નાત-જાત અને અમીર ગરીબના ભેદ, સમાજે કરેલા છે, ઈશ્વરને મન તેના દરેક સંતાનો સરખા જ છે, તે દરેકની વાત સાંભળે જ છે. પરંતુ પ્રાર્થનામાં કહેવું કે તું આ આપજે,કે તે આપજે, તું આમ કરજે, તું તેમ કરજે, મારા મનોરથ પૂરા કરજે, મારી કામના પૂરી કરજે, એવું બધું કહેવું એ શું પ્રાર્થના છે?? એ પ્રશ્ન બહુ વિચારવા જેવો છે, એતો માંગણી કહેવાય. પ્રાર્થના તો હદયના ભાવને વધુ શુદ્ધ કરે, અને સંવેદના વધારનાર હોય તેને પ્રાર્થના કહેવાય. અન્યને જ્યારે દુઃખદર્દમાં તડપતા જોઈએ, ત્યારે જે ઉદગાર આપણા મુખમાંથી નીકળે!! તે જ તો પ્રાર્થના છે. હા આપણા આંતર માનસને લાખ સમજાવવા છતાં, કોઈવાર તે પોતાના અહમ, કે આગ્રહને કારણે, સ્વીકારી ન શકે, તો અંતે ઈશ્વરનું શરણ લેવું પડે છે, અને જાગૃતિ માટે કે જ્ઞાન વધારવા માટે પ્રાર્થના થાય છે. પરંતુ ભૌતિક ભોગ માંગવા માટે થઈને પ્રાર્થનાનો સહારો લેવો એ યોગ્ય નથી. આપણે આજે આવી જ એક જ્ઞાનવર્ધક પ્રાર્થના વિશે જોઈએ.

**★અસત્યો માંહેથી★**

**ૐ અસતો મા સત ગમય ,તમસો મા જ્યોતિર્ગમય,**
**મૃત્યુંર્મામૃતમ ગમય ”**
**અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,**
**ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;**
**મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા,**
**તું-હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈ જા.**
**પિતા ! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,**
**અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;**
**વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,**
**દયાના પુણ્યોના, તુજ પ્રભુ ! મહાસાગર ભણી.**
**થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,**
**કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;**
**સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,**
**ક્ષમાદષ્ટે જોજો,તુજ ચરણમાં નાથજી ! ધરું**

મોટાભાગની ગુજરાતી શાળાઓમાં આ પ્રાર્થના થતી, અને આજે પણ થાય છે. કવિ દલપતરામ અને કવિ નાનાલાલ પિતા પુત્રનું સાહિત્ય ક્ષેત્રે બહુ જ મોટું નામ છે, અને આ બંને કવિએ ગુજરાતી સાહિત્ય રસિકોને ખૂબ જ શબ્દ વૈભવ પીરસ્યો છે. ઉપનિષદના એક ટુકડા જેવી પ્રાર્થનાની રચના કરી જે, ખરેખર અદ્ભુત છે. વિચારતા એવું લાગે કે, જ્યારે આ રચના લખાઈ હશે ત્યારે કવિની મનોસ્થિતિ શું રહી હશે! ઈશ્વરને એકદમ જ નજીક પામી અને તેની સાથે સંવાદાત્મક વાતો કરતા હોય, એ રીતે આ પ્રાર્થનાનો ટહુકો સંભળાય છે. ખરેખર નિશાળના એ દિવસો યાદ આવી ગયા, અને તે સમયે કદાચ પણ આંખ ખુલ્લી રાખીને આજુબાજુ જોયું હશે, પણ આજે યુ ટ્યુબ પર આ પ્રાર્થનાનો વિડીયો સાંભળ્યો, ત્યારે તો આંખો ભીની થઈ ગઈ. જન્મે ત્યારથી જીવને મૃત્યુનો ડર હોય છે, એટલે કે મહામૃત્યુમાંથી એ ડર માંથી તું મને અમૃત કે જે અમર થવાના આશિષ આપે છે, એ અમૃત રૂપી ઈશ્વરની પાસે લઈ જા, તારા વગર મારું કોઈ સાંભળતું નથી. હું દિન છું, જો મારા શરીરમાં આત્મા ન હોય તો તેનું કોઈ મૂલ્ય નથી, માટે એ આત્મસ્વરૂપ ઈશ્વરના દર્શન કરાવી જા, અથવા તો પરમ કૃપાળુ પરમાત્મા જ્ઞાનરૂપી મારી બુદ્ધિમાં સમાઈને તમે સર્વ લોકમાં મને ઈશ્વરના દર્શન કરાવો. આમ પણ જ્ઞાનરૂપી અજવાળું જ અસત્ય માંથી સત્ય તરફ લઈ જાય, અને તેનાથી જ જીવનમાં નીતિ, સચ્ચાઈ, અને ઈમાનદારી જેવા ગુણો આવી શકે, અને આ ગુણો ધરાવનાર જીવને મૃત્યુનો ડર રહેતો નથી. કારણકે જીવનમાં ખોટું કાર્ય, જેટલું ઓછું થાય તેટલું ડરનું પ્રમાણ ઘટતું રહે છે, અને અંતે સત્ય એજ જીવન બને, ત્યારે જીવ અભય પદને પ્રાપ્ત કરે છે. કવિશ્રી પોતાની રચનામાં ઈશ્વરનું અતૂટ સાનિધ્ય મહેસૂસ કરી, અને તેને આ પ્રાર્થના કરે છે, કે મારી રીતે તો મેં ઘણા જ પ્રયત્નો કર્યા, પણ જીવન હજી પણ અંધારું ભાસે છે, તો હવે જે કંઈ કરી શકાય એમ છે, તે માત્રને માત્ર તું જ કરી શકે તેમ છો, તો મારી આ મનોદશા માંથી મને બહાર કાઢો. કવિની અને આપણી મનઃસ્થિતિમાં એટલો ફેર છે કે એને અસત્ય માંથી સત્ય તરફ જવું છે! અને આપણે અસત્યને પણ સત્ય બનાવી વ્યવહાર જગતમાં જીવવું છે! આપણને આપણા જીવનની એક ટીસ હોવી જોઈએ અને તો જ ઉપનિષદના માનવી જેમ આપણે આપણું જીવન નિર્મળ બનાવી શકીએ! સત્યનાં પ્રકાશથી અજવાળી શકીએ, અને તો જ આપણા તમામ પ્રકારના ભય જાય! ખેર છોડો.. પણ હજી મોડું નથી થયું! પ્રાર્થનામાં આઠ પંક્તિઓ છે, અને એ પ્રાથમિક શાળાના વર્ગ ખંડના સ્વર્ગમાં લઈ જનાર આ શબ્દો આજે પણ અંતરનાદને જગાડનારા છે. આજે પણ ઘણી બધી સ્કૂલોમાં આ પ્રાર્થના ગવડાવવામાં આવે છે, અને હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરતા એ ઋષિ સમાન કવિઓની જીવન યાત્રા ભલે કઠિન રહી હોય, પણ જો તેને સમજીને જીવનમાં ઉતારવામાં આવે તો, બીજાની જીવનયાત્રાને, આ શબ્દો અવશ્ય સરળ બનાવી શકે. આપણે પણ એ પ્રાથમિક શાળાના બાળકો બની અને એવું નિર્દોષ જીવન જીવીએ, આમ પણ ઉંમરના આ મુકામે કે જ્યારે આપણા સંતાનો મોટા થઈ પોતપોતાના જીવનમાં વ્યસ્ત હોય અને સતત એની આસપાસ રચ્યું પચ્યુ અને વ્યસ્ત જીવનમાં ખાલીપો લાગે ત્યારે, બાળપણ બહુ જ યાદ આવતું હોય છે. તો ચાલો એક પ્રાર્થનાનો પણ ઉપાય કરી જોઈએ, કદાચ જીવન સુધરી જાય તો.સૌના જીવનમાં તેજસ્વિતા પથરાય, અને સૌના જીવન મંગલમય જીવન બને, સૌ લાભ નહીં પણ શુભ વિશે પહેલા વિચારે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો**

# કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું કરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિ શક્તિવાળો કહ્યો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી, જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે, સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે, મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદ્ભાવ થતો નથી**

કળિયુગના મનુષ્યો પોતાને ચતુર સમજે છે, પણ સંસારના વિષયો પાછળ પડે તે ચતુર શાનો? શાસ્ત્ર કહે છે સો કામને છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું. ઘરનાં કાર્યો કર્યા પછી માળા ફેરવવી એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી, માળા ફેરવ્યા પછી બધાં કાર્ય કરો. કરોડ કામ છોડીને પહેલું ભાગવત સ્મરણ કરવું. કળિયુગમાં મનુષ્યો જે કરવાનું છે તે કરતાં નથી અને જે નથી કરવાનું તેને પહેલું કરે છે એટલે કળિયુગમાં મનુષ્યને અચતુર અને મંદબુદ્ધિશક્તિવાળો કહ્યો છે. શૌનકજી કહે છે કે, અમને વિસ્તારપૂર્વક શ્રીકૃષ્ણકથા સંભળાવો. શ્રીકૃષ્ણકથામાં તૃપ્તિ નથી, તેમ દર્શનમાં પણ અમને તૃપ્તિ નથી. ભગવાનની મંગલમય અવતાર-કથાઓનું અને ભગવાન ની લીલા કથાનું વર્ણન કરો. કળિયુગમાં અધર્મ વધે છે, ત્યારે ધર્મ કોને શરણે જાય છે? તે અમને કહો. સમુદ્ર પાર કરવાવાળા ને જેમ કર્ણધાર નાવિક મળી જાય તેમ આપ અમને મળ્યા છો. પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી. જીવને પરમાત્માનાં દર્શનની આતુરતા જાગે છે. પ્રભુ કૃપાથી સંત મળે છે. સ્વાદ ભોજનમાં નહીં પણ ભૂખમાં છે. મનુષ્યને પરમાત્માને મળવાની ભૂખ ન જાગે ત્યાં સુધી તેને સંત મળે તો પણ તેને તેમાં સદ્ભાવ થતો નથી.વક્તાનો અધિકાર સિદ્ધ થવો જોઈએ. તે પ્રમાણે શ્રોતાનો અધિકાર પણ સિદ્ધ થવો જોઈએ.

**શ્રવણનાં ત્રણ પ્રધાન અંગો છેઃ**

૧. **શ્રદ્ધાઃ** શ્રોતાએ એકાગ્રતાથી,શ્રદ્ધા થી કથા સાંભળવી. ૨. **જિજ્ઞાસાઃ** શ્રોતામાં જિજ્ઞાસા હોવી જોઈએ. જિજ્ઞાસા ન હોય તો મન ઉપર કથાની અસર થશે નહીં. જાણવાની જિજ્ઞાસા ન હોય તો તેને કથા શ્રવણથી વિશેષ લાભ થતો નથી. ૩. **નિમત્સરતાઃ** શ્રોતાને જગતમાં કોઈ જીવ પ્રત્યે મત્સરભાવ ન હોવો જોઈએ. કથામાં દીન થઈને જવું જોઈએ. શિષ્યનો પણ અધિકાર જોવાય છે, શ્રોતાનો પણ અધિકાર જોવાનો છે. એક મહાત્મા રામાયણની કથા કરતા હતા. કથા પૂરી થઈ. એક જણે મહાત્માને પૂછ્યું, આપે કથા કહી પણ મને સમજાયું નહીં કે રાવણ રાક્ષસ હતો કે રામ રાક્ષસ હતા. મહાત્માએ કહ્યું, રાવણ રાક્ષસ નહીં કે રામ પણ રાક્ષસ નહીં. રાક્ષસ તો હું જ કે તને કશું સમજાવી શક્યો નહીં. અહીં શૌનક મુનિ સૂતજીને કહે છે કે, ભાગવત કથામાં અમને શ્રદ્ધા છે. તમારા પ્રત્યે આદર છે. અનેક જન્મોના પુણ્યનો ઉદય થાય,ત્યારે તમારા જેવા અધિકારી વક્તાના મુખેથી કથા સાંભળવાની તક મળે છે. અધિકારીવક્તાને અધિકારી શ્રોતા રુક્ષ્મણીએ શ્રીકૃષ્ણ પરના પોતાના પત્રમાં લખ્યું છે, તમારી કથા સાંભળીને તમને પરણવાની ઈચ્છા થઈ. 'સાંભળી'ને શબ્દ સમજવાનો છે. ભગવાનના ગુણો સાંભળવાથી ભગવાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે. શ્રોતામાં વિનય જોઈએ તેમ વક્તામાં પણ વિનય જોઈએ. સૂતજી વિનયનો આદર્શ દાખવે છે. સૂતજીએ શ્રોતાઓને ધન્યવાદ આપ્યો છે. સૂતજી કહે છે, તમે સૌ સુયોગ્ય શ્રોતા છો. તમે શાંતિથી શ્રવણ કરો છો. એટલે મારું મન ભગવાનમાં સ્થિર થાય છે. તમે જ્ઞાની છો, પ્રભુપ્રેમમાં પાગલ છો. પરંતુ મારું કલ્યાણ કરવા તમે પ્રશ્ન કરો છો. કથા કરી હું તો મારી વાણીને પવિત્ર કરવા બેઠો છું. બાકી પ્રભુનો મહિમા ગાનાર હું કોણ? આરંભમાં સૂતજી શુકદેવજીને વંદન કરે છે, તે પછી ભગવાન નારાયણને નમસ્કાર કરે છે. ભારતના પ્રધાન દેવ નારાયણ છે. શ્રીકૃષ્ણ ગોલોકમાં પધાર્યા છે. સર્વ અવતારોની સમાપ્તિ થાય છે. આ નારાયણની સમાપ્તિ થઈ નથી અને થવાની નથી.ભારતની પ્રજાનું કલ્યાણ કરવા તે આજે તપશ્ચર્યા કરે છે. શ્રી શંકરાચાર્યજી તો પરમ યોગી. તેઓ નરનારાયણનાં દર્શન કરે છે ત્યારે કહે છે કે, હું આપનાં દર્શન કરી શક્યો,પણ કળિયુગમાં ભોગી માણસો પણ આપનાં દર્શન કરી શકે તેવી કૃપા કરો.ભગવાને તે વખતે આદેશ કર્યો કે,બદરિનારાય ણમાં નારદ કુંડ છે ત્યાં સ્નાન કરો. ત્યાંથી મારીમૂર્તિ મળશે તેની સ્થાપના કરો. બદરિનારાયણ ભગવાનની સ્થાપના શંકરાચાર્ય જીએ કરી છે. મનથી માનસદર્શનનું બહુ પુણ્ય લખ્યું છે. માટે મનથી નારાયણને પ્રણામ કરો. બદરિનારાયણમાં લક્ષ્મીજીની મૂર્તિ મંદિરની બહાર છે. અંદર નારાયણ તપસ્યા કરે છે. તપશ્ચર્યામાં સ્ત્રીનો, દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે. તેથી નારાયણે લક્ષ્મીજીને કહ્યું છે કે તમે બહાર બેસીને ધ્યાન કરો, હું અંદર બેસીને ધ્યાન કરીશ. બદરિનારાયણમાં નારાયણની મૂર્તિને ચંદનની પૂજા કરવામાં આવે છે, એ જોઈ એક ભક્તે બદરિનારાયણના પૂજારીને પૂછ્યુ કે,આવી સખત ઠંડીમાં ઠાકોરજીને તમે ચંદનની પૂજા કેમ કરો છો? પૂજારીએ કહ્યું અમારા ઠાકોરજી તપશ્ચર્યા ખૂબ કરે છે,તેથી ઠાકોર જીને ગરમી બહુ થાય છે. એટલે ચંદનની પૂછ કરવામાં આવે છે. સૂતજી સરસ્વતીને, વ્યાસજીને વંદન કરે છે અને પછી કથાનો આરંભ કરે છે. જેનાથી ભક્તિનો ઉદય થાય એ મનુષ્યનો સૌથી મોટો ધર્મ.આ ભક્તિ પણ એવી જોઈએ, જેનાથી આત્મા પ્રસન્ન થાય. જેમાં ફળની કામના ન હોય અને જે નિર્વિઘ્ન ચાલ્યા કરે. આવી ભક્તિને અહેતુકા ભક્તિ કહે છે. જીવને ભગવાન કહે છે કે, તું મારો જ અંશ છે. તું મારામાં આવી જા. જીવાત્મા અંશ છે, પરમાત્મા અંશી છે. અહીંથી અંશ વિખૂટો પડ્યો છે તેથી તે દુઃખી છે. તે અંશ અંશીમાં એટલે ઈશ્વરમાં મળી જાય તો જીવ સુખી થાય. નર એ નારાયણનો અંશ છે. અંશ એટલે કે નર.અંશી એટલે કે નારાયણને ન મળે ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. કોઈ પણ રીતે સાથે એક થવાની જરૂર છે. જ્ઞાનીઓ જ્ઞાનથી અભેદ સિદ્ધિ કરે છે.વૈષ્ણવ મહાત્માઓ પ્રેમથી અદ્વૈત સિદ્ધ કરે છે. પ્રેમની પરિપૂર્ણ તા અદ્વૈતમાં છે.ભક્ત અને ભગવાન છેવટે એક છે. ગોપી અને શ્રીકૃષ્ણ એક છે. જીવને ઈશ્વરનો વિયોગ થયો છે એ સત્ય છે. આ વિયોગ કરવાથી અને કેમ થયો તેની પંચાત કરવાની જરૂર નથી, તેથી લાભ નથી. ધોતિયાને ડાઘો પડયો હોય તો તે ક્યારે પડયો અને કેમ પડ્યો તે વિચારવાથી ધોતિયું સ્વચ્છ થશે નહીં. તેણે તો ડાઘ જ દૂર કરવો જોઈએ. તે પ્રમાણે જીવ ઈશ્વરને મળવા માટે જ પ્રયત્ન કરે તે ઈષ્ટ છે. જીવ ભાગ્યશાળી ત્યારે બને જ્યારે તે નિર્ભય બને. જેને માથે કાળનો ભય છે તે નિર્ભય ક્યાંથી? ભાગ્યશાળી તે કે જેને મૃત્યુનો ભય નથી. મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે, બાકી જીવને હિસાબ આપતાં બીક લાગે છે. અનંત કાળે બીક લાગે છે, કરેલા પાપોની યાદથી. મૃત્યુની બીક છે ત્યાં સુધી શાંતિ નથી. પણ કાળના કાળ ભગવાન જીવને અપનાવે, તો ભગવાનનો નોકર કાળ તેનું કાંઈ કરી શકતો નથી. જેને શેઠનો આશરો એને નોકર શું કરી શકે? જીવ અને ઈશ્વર બંને એક સાથે બેઠા છે, છતાં ઈશ્વરને ઓળખી શકાતો નથી. જીવ બહિર્મુખને બદલે અંતર્મુખ બને તો તે અંત ર્યામીને ઓળખી શકે છે. ગંગાકિનારે રહેતા એક સંત- મહાત્મા પાસે પારસમણિ હતો. પારસમણિ મેળવવા એક મનુષ્ય સંતની સેવા કરવા લાગ્યો. સંતે કહ્યું કે, હું ગંગાસ્નાન કરી આવું પછી તને પારસમણિ આપીશ સંત ગયા પેલાનું મન તલપાપડ થવા લાગ્યું.સંતની ગેરહાજરીમાં એ આખી ઝૂંપડી ફેંદી વળ્યો, પરંતુ પારસમણિ હાથ ન લાગ્યો. સંત પધાર્યા. સંતે કહ્યું, આટલી ધીરજ ન રાખી શક્યો? પારસમણિ તો મેં પેલી લોખંડની દાબડીમાં મૂક્યો છે તેમ છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ?ત્યારે સંતે કહ્યું, ભાઈ, જોને, પારસમણિ આ ચીંથરામાં બાંધેલો છે.તેથી પારસમણિ અને લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી. એટલે દાબડી સોનાની ક્યાંથી થાય? તેવી રીતે જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે, પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી.એટલે કે ઈશ્વરનો સ્પર્શ પામી શકતો નથી.જીવાત્માએ દાબડી છે.પરમાત્માએ પારસમણિ છે. વચમાંનું અહંતા- મમતારૂપી ચીંથરું દૂર કરવાનું. વાચક ચાહક મિત્રો, રાજયમાં હવામાનમાં ઊલટ પલટના કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે કે મોં સુધી આવેલ કોળીયો છીનવાઈ તો નહી જાય ને ,? જીરૂ વરિયાળી ઘઉં એરંડા સહીત રવિ પાક આ વર્ષે સારા છે. કુદરત થોડી કૃપા કરે તો બધું સારું રહે.. આપણે પણ પ્રાર્થના કરીએ કે બધું સારું થાય..અસ્તુ.

# શાહરૂખ બન્યો બેસ્ટ એક્ટર તો બોબી બન્યો બેસ્ટ વિલન

## બોબી દેઓલ, નયનથારા, કરીના, સુનીલ ગ્રોવર, આદિત્ય રોય કપૂર, અનિલ કપૂર, સહિતની સેલિબ્રિટીની હાજરી



દેશના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ એવાં એક દાદાસાહેબ ફાળકે ઈન્ટરનેશનલ એવોર્ડનું મંગળવારે મોડી સાંજે આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં શાહરૂખ ખાન, બોબી દેઓલ, નયનથારા, કરીના કપૂર ખાન, સુનીલ ગ્રોવર, આદિત્ય રોય કપૂર, અનિલ કપૂર, શાહિદ કપૂર, વિક્રાંત મેસી, એટલી, રાની મુખર્જી સહિતની સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. આ એવોર્ડમાં શાહરૂખ ખાનને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે. શાહરૂખ ખાનને તેની ફિલ્મ જવાન માટે બેસ્ટ એક્ટરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે. શાહરૂખ ખાને આ એવોર્ડ જીતવા બદલ જ્યુરીનો આભાર માન્યો કહ્યું કે છેલ્લી ઘડી સુધી મને ખ્યાલ નહોતો કે મેં આ એવોર્ડ જીતી લીધો છે. એવોર્ડ જીત્યા બાદ શાહરૂખ ખાને કહ્યું, 'હું આ સન્માન માટે મને પસંદ કરવા બદલ સમગ્ર જ્યુરીનો આભાર માનું છું. શાહરૂખ ખાને કહ્યું કે તેને ઘણા વર્ષોથી બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો નથી. મને લાગવા માંડ્યું કે હવે મને આ એવોર્ડ નહીં મળે. કિંગ ખાને કહ્યું કે તે આ એવોર્ડ મેળવીને ખૂબ જ ખુશ છે અને એવોર્ડ મળ્યા બાદ તે હંમેશા સારું અનુભવે છે. નોંધનીય છે કે શાહરૂખ ખાનને તેની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ 'જવાન' માટે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**કોણે જીત્યા એવોર્ડ.....**

**બેસ્ટ એક્ટર (નેગેટિવ) - બોબી દેઓલ**

**બેસ્ટ ડિરેક્ટર - સંદીપ રેડ્ડી વાંગા (એનિમલ)**

**બેસ્ટ એક્ટર- શાહરૂખ ખાન (જવાન)**

**બેસ્ટ એક્ટર (ક્રિટીક્સ કેટેગરી) - વિકી કૌશલ (સેમ બહાદુર)**

**બેસ્ટ એક્ટ્રેસ- નયનથારા (જવાન માટે)**



## વિરાટ-અનુષ્કા શર્માના પુત્રનું નામ અકાય છે

# વર્ધા હિન્દી ડિક્શનરી પ્રમાણે અકાયનો અર્થ થાય છે નિરાકાર



વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા બીજીવાર માતા-પિતા બન્યા છે. અનુષ્કાએ પુત્રને જન્મ આપ્યો છે. વિરાટ કોહલી અને અનુષ્કા શર્માના પુત્રનું નામ અકાય છે. પરંતુ આ નામનો શું અર્થ થાય છે? સોશિયલ મીડિયા પર અકાય નામ સતત ટ્રેન્ડ કરી રહ્યું છે. પરંતુ આજે અમે તમને જણાવીશું અકાયનો અર્થ. વર્ધા હિન્દી ડિક્શનરી પ્રમાણે અકાયનો અર્થ થાય છે 'નિરાકાર'... એટલે કે જે શરીર કે કાયા વગરનું હોય, આકાર અને રૂપથિ રહિત, શરીર ધારણ ન કરનાર. અનુષ્કા શર્માએ અને વિરાટ કોહલીએ પોસ્ટ લખી- ભરપૂર ખુશી અને પ્રેમથી ભરેલા દિલ સાથે, અમને બધાને જણાવતા ખુશી થઈ રહી છે કે ૧૫ ફેબ્રુઆરીએ અમે અમારા બાળક અકાય અને વામિકાના નાના ભાઈનું આ દુનિયામાં સ્વાગત કર્યું. અમે અમારી જિંદગીના આ શાનદાર સમયમાં તમારી દુવાઓ અને શુભકામનાઓ ઈચ્છીએ છીએ. અમે તમને વિનંતી કરીએ છીએ કે આ સમયે મહેરબાની કરી અમારી પ્રાઈવેસીની ઈજ્જત કરો. પ્રેમ અને આભાર. ઉલ્લેખનીય છે કે વિરાટ કોહલીની પત્ની અનુષ્કા શર્માએ ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના પુત્રીને જન્મ આપ્યો હતો. આ કપલની પુત્રીનું નામ વામિકા છે. તો હવે વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા બીજીવાર માતા-પિતા બન્યા છે. સોશિયલ મીડિયા પર બંનેની પોસ્ટ ખુબ વાયરલ થઈ રહી છે. વિરાટ અને અનુષ્કાના ફેન્સ બંનેને શુભેચ્છા આપી રહ્યાં છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી બીજીવાર માતા-પિતા બની ગયા છે. અભિનેત્રીએ પુત્રને જન્મ આપ્યો છે. આ વાતની જાણકારી ખુદ અનુષ્કાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી આપી હતી. અભિનેત્રીએ જણાવ્યું હતું કે તેણે ૧૫ ફેબ્રુઆરીએ પોતાના બીજા બાળકનું સ્વાગત કર્યું છે. આ પોસ્ટમાં અનુષ્કાએ પુત્રનું નામ જણાવી દીધુ છે. અનુષ્કા શર્માએ પોસ્ટ લખી. ભરપૂર ખુશી અને પ્રેમથી ભરેલા દિલ સાથે, અમને બધાને જણાવતા ખુશી થઈ રહી છે કે ૧૫ ફેબ્રુઆરીએ અમે અમારા બાળક અકાય અને વામિકાના નાના ભાઈનું આ દુનિયામાં સ્વાગત કર્યું. અમે અમારી જિંદગીના આ શાનદાર સમયમાં તમારી દુવાઓ અને શુભકામનાઓ ઈચ્છીએ છીએ. અમે તમને વિનંતી કરીએ છીએ કે આ સમયે મહેરબાની કરી અમારી પ્રાઈવેસીની ઈજ્જત કરો. પ્રેમ અને આભાર.

## વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ૩ જુલાઈથી શરૂ થશે

# બોલીવુડ અભિનેતા અજય દેવગને ક્રિકેટમાં રોકાણ કર્યું



બોલિવૂડ એક્ટર અજય દેવગને ક્રિકેટમાં રોકાણ કર્યું છે. એક્ટર ટૂંક સમયમાં ક્રિકેટ પ્રેમીઓ માટે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ લાવી રહ્યો છે જેમાં યુવરાજ સિંહ, બ્રેટ લી, કેવિન પીટરસન, સુરેશ રૈના અને શાહિદ આફ્રિદી જેવા પ્રખ્યાત ક્રિકેટરો ક્રિકેટ રમતા જોવા મળશે. આ ટુર્નામેન્ટ એજબેસ્ટન સ્ટેડિયમ, બર્મિંગહામ, યુકેમાં યોજાશે. આની જાહેરાત કરતા અજયે એક પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું, 'મને તમારી સાથે શેર કરતાં આનંદ થાય છે કે હું રમત પ્રત્યેના મારા પ્રેમને કંઈક વિશેષમાં ફેરવવા જઈ રહ્યો છું. મેં એક નવા સાહસમાં રોકાણ કર્યું છે અને તમારા માટે વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑફ લિજેન્ડ્સ લાવી રહ્યો છું. આ પોસ્ટની સાથે અજયે એક વીડિયો પણ શેર કર્યો છે, જેમાં તે આ ચેમ્પિયનશિપ વિશે વાત કરતો જોવા મળી રહ્યો છે. ક્રિકેટ પ્રત્યેનો પોતાનો જુસ્સો વ્યક્ત કરતાં અજય દેવગનેકહ્યું કે એક ક્રિકેટ પ્રેમી તરીકે, ક્રિકેટના દિગ્ગજોને ફરી એકસાથે રમતા જોવું એ મારા માટે એક સ્વપ્ર સાકાર થયું છે. આ ટૂર્નામેન્ટ માત્ર ક્રિકેટની ગમગીની જ નહીં પરંતુ સિનેમા અને ક્રિકેટ વચ્ચેના બોન્ડને પણ દર્શાવે છે. વર્કફ્રન્ટ પર અજયની આગામી ફિલ્મ 'શૈતાન' છે. આ સુપરનેચરલ હોરર થ્રિલર ફિલ્મમાં અજય ઉપરાંત જ્યોતિકા અને માધવન પણ જોવા મળશે. મેકર્સે તાજેતરમાં જ ફિલ્મનું ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યું છે. માધવન આમાં વિલન બન્યો છે. વિકાસ બહલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ૮ માર્ચે રિલીઝ થશે.

# કાર્તિકે ભુલ ભુલૈયાની અભિનેત્રીનો સંકેત આપ્યો

બોલિવૂડ ફિલ્મ સ્ટાર કાર્તિક આર્યનએ તાજેતરમાં જ તેની આગામી ફિલ્મની બે પોસ્ટ ચાહકો સાથે શેર કરી અને સંકેત આપ્યો કે આ બોલિવૂડ સુંદરીએ ફિલ્મમાં એન્ટ્રી કરી છે. અભિનેતાએ ચાહકોને તેમના નામ શોધવા માટે પણ કહ્યું. જેના પર લોકો જોરદાર કોમેન્ટ કરતા જોવા મળ્યા હતા. બોલિવૂડ સ્ટાર કાર્તિક આર્યન આ દિવસોમાં તેની આગામી ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ સ્ટારની આ આવનારી ફિલ્મ આ દિવસોમાં પ્રી-પ્રોડક્શનના તબક્કામાં છે. જેમાં મેકર્સ હાલમાં ફિલ્મની સંપૂર્ણ સ્ટાર કાસ્ટને ફાઈનલ કરવામાં વ્યસ્ત છે. કાર્તિક આર્યન સ્ટારર આ ફિલ્મમાં ઘણી અભિનેત્રીઓની એન્ટ્રીના સમાચાર ઘણા સમયથી ચર્ચામાં છે. આ દરમિયાન, ફિલ્મ સ્ટાર કાર્તિક આર્યનએ તેની ફિલ્મની અગ્રણી મહિલાની ૨ તસવીરો શેર કરી છે. આ સાથે, અભિનેતાએ ચાહકો સાથે 'બૂજો તો જાને' ગેમ રમી છે. જેમાં ફિલ્મસ્ટાર કાર્તિક આર્યન પોતાના ફેન્સ સાથે પહેલી તસવીર શેર કરે છે અને પૂછે છે કે, 'આ મેઝ સોલ્વ'.કાર્તિક આર્યનની આ પોસ્ટ જોયા બાદ લોકો ઘણી અટકળો કરવા લાગ્યા. ઘણા યુઝર્સે આના પર કમેન્ટ કરીને લખ્યું છે કે આ એક્ટ્રેસ બીજું કોઈ નહીં પણ એનિમલ સ્ટાર તૃપ્તિ ડિમરી છે. જો કે, લોકોના આ પ્રતિસાદથી નારાજ કાર્તિક આર્યને બીજી તસવીર શેર કરી છે. તેના પર ટિપ્પણી કરતા અભિનેતાએ લખ્યું, 'ઘણા ખોટા જવાબો આવી રહ્યા છે. ગેસ પાછો.' બીજી તસવીર જોઈને લોકો વધુ મૂંઝાઈ ગયા. જે બાદ આ અંગે ટિપ્પણી કરતા મોટાભાગના લોકોએ આ અભિનેત્રીનું નામ 'શ્રદ્ધા કપૂર કે તારા સુતરિયા' કહ્યું છે. કાર્તિક આર્યનની આ બંને પોસ્ટ્સ તમે અહીં મનોરંજન સમાચારની દુનિયામાં વાયરલ થઈ રહેલી જોઈ શકો છો.

# ગુજરાતીઓ માટે શરૂ થશે શાર્ક ટેન્ક જેવો નવો શો




અમદાવાદમાં બોલિવુડ સ્ટાર સુનીલ શેટ્ટીની ઉપસ્થિતિમાં મંગળવારે આશાસ્પદ શો કલ કે કરોડપતિની જાહેરાત કરવામાં આવી હતી. શોનો ઉદ્દેશ સ્ટાર્ટઅ્સ, રોકાણકારો અને અન્ય સ્ટેક હોલ્ડર્સનો સમૃદ્ધ સમુદાય બનાવવાનો છે. નોંધનીય છે કે કલ કે કરોડપતિના ઉપક્રમે શોના આગમન પહેલાં જ સ્ટાર્ટઅપ્સને રૂ. ૧૫ કરોડ જેટલી માતબર રકમ વિવિધ વેપાર માટે ફાળવી દેવામાં આવી છે. કલ કે કરોડતિ એક અનોખો રિયાલિટી શો છે. એનું પ્રથમ ચેપ્ટર કે એની પ્રથમ સીઝન ગુજરાતના સ્ટાર્ટઅ્સને કેન્દ્રસ્થાને રાખીને બની છે. આગળ જતાં અન્ય રાજ્યોમાં પણ એની સીઝન યોજાશે અને ત્યાંના સ્ટાર્ટઅપ્સને પણ ભંડોળ પૂરું પાડીને વિકસવાની તક પૂરી પાડવામાં આવશે. આ પ્રકારના અન્ય શોઝથી સદંતર જુદું અને મનોરંજક માળખું કલ કે કરોડપતિનું છે.

પહેલી સીઝન માટે ગુજરાતભરમાંથી ૫૦૦થી વધુ બિઝનેસ પ્રપોઝલ્સ અને વિચારોને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. એમાંથી ૨૭ મૌલિક આઈડિયાઝ ધરાવતા સ્ટાર્ટઅપ્સને શોમાં ઝળકવાની તક આપવામાં આવી હતી. તમામને નવ વેન્ચર કેપિટલ ફંડ્સ અને રોકાણકારોની પેનલ સમક્ષ પોતાના બિઝનેસની ખાસિયતો અને એના ઉજળા ભવિષ્યની રજૂઆત કરવાની તક પ્રદાન કરવામાં આવી હતી. એ માટે દરેકને ત્રણ મિનિટની લાઈવ પિચનો સમય પણ ફાળવવામાં આવ્યો હતો. એમાંથી સફળ બિઝનેસ સ્ટાર્ટઅપ્સને વેન્ચર કેપિટલ ફંડ્સ અને રોકાણકારો પાસેથી રૂ. ૧૫ કરોડના ઈનવેસ્ટમેન્ટ્સની ખાતરી મળી ચૂકી છે.

ગુજરાતના આગવા વેપારી મિજાજ અને ઈનોવિટિવ બિઝનેસ કલ્ચરની એ આગવી સાબિતી છે. કલ કે કરોડપતિના લૉન્ચ નિમિત્તે પત્રકારોને સંબોધતાં વેન્ચર બિલ્ડરના મિલાપસિંહ જાડેજાએ શોના કોન્સેપ્ટમાં ભરપૂર શ્રદ્ધા વ્યક્ત કરતાં જણાવ્યું હતું , "કલ કે કરોડપતિ ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને ભારતના વિશાળ ઉદ્યોગ સાહસિક લેન્ડસ્કેપને પ્રોત્સાહન આપવાની નોંધપાત્ર ક્ષમતા ધરાવે છે.

અમને આશા છે કે આ પહેલ સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને સ્ટેક હોલ્ડર્સને નેટવર્કિંગ, ચર્ચા-વિચારણા કરવા તેમ જ ફંડ એકત્ર કરવાની તકોને પ્રોત્સાહન આપતું વિશિષ્ટ પ્લેટફોર્મ તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવશે." અભિનેતા તથા સફળ બિઝનેસમેન સુનીલ શેટ્ટીએ આ નિમિત્તે નવા વિચારોને અમલમાં મૂકવા અને આર્થિક વિકાસ માટે અનુકૂળ સહયોગી સમુદાયને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

# કિયારા પર લાગ્યો છે ૬૦૦ કરોડનો દાવ

## રામ ચરણ, રિતિક રોશન અને જુનિયર NTRની મોટા બજેટની ફિલ્મોમાં મુખ્ય ભૂમિકામાં દેખાશે



દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ જેવી અભિનેત્રીઓ બાદ હવે હિન્દી સિનેમામાં કિયારા અડવાણીનો યુગ આવવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કિયારા અડવાણીએ ભૂલ ભુલૈયા ૨, જુગ જુગ જિયો અને સત્યપ્રેમ કી કથા જેવી ફિલ્મો કરી છે. આ તમામ ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો હતો. કિયારા અડવાણી પાસે આગામી દિવસોમાં ઘણી મોટી ફિલ્મો પણ છે. આ ફિલ્મો બજેટ અને સ્ટાર કાસ્ટના મામલામાં તેની અગાઉની ફિલ્મો કરતા ઘણી આગળ છે. એવું ભાગ્યે જ બને છે કે, કલાકારની પ્રથમ ચારમાંથી ત્રણ ફિલ્મો ખરાબ રીતે ફ્લોપ થઈ જાય અને પછી ૧૦ વર્ષની અંદર તે ઈન્ડસ્ટ્રીની ટોપ એક્ટ્રેસની યાદીમાં સ્થાન મેળવી લે. પરંતુ કિયારા સાથે આવું બન્યું છે. તેની પહેલી ફિલ્મ ફગલી ૨૦૧૪માં રિલીઝ થઈ હતી અને તે ફિલ્મ ફ્લોપ રહી હતી. આ પછી એમએસ ધોની : ધ અનટોલ્ડ સ્ટોરી સફળ રહી પરંતુ મશીન અને કલંક ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. પરંતુ કબીર સિંહ કિયારાના કરિયરને એક અલગ લેવલ પર લઈ ગઈ. હાલમાં કિયારા અડવાણી પાસે ત્રણ મોટી ફિલ્મો છે. ગેમ ચેન્જર, વોર ૨ અને ડોન ૩. આ ત્રણેય ફિલ્મો મોટા બજેટ અને મોટા સ્કેલ પર બનવાની છે. મંગળવારે જ ડોન જેવી ફ્રેન્ચાઈઝીમાં તેની એન્ટ્રીની જાહેરાત કરવામાં આવી છે. એટલે કે ડોન ૩માં પ્રિયંકા ચોપરાની જગ્યા કિયારા અડવાણીએ લીધી છે. રિપોર્ટ્સનું માનીએ તો ડોન ૩નું બજેટ ૨૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે. વૉરની સિક્વલ વૉર ૨ની પણ જાહેરાત કરવામાં આવી છે. તેનું બજેટ લગભગ ૩૦૦ કરોડ રૂપિયા હશે. આ વખતે ફિલ્મમાં રિતિક રોશન અને જુનિયર દ્ગઈ સામસામે આવવાના છે. અહેવાલોમાં ઘણા સમયથી દાવો કરવામાં આવી રહ્યા છે કે, કિયારા અડવાણી આ ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. ગયા વર્ષે કિયારાએ પણ આ ફિલ્મમાં આવવાના સંકેત આપ્યા હતા. તેણે કહ્યું હતું કે, તે એક્શન ફિલ્મો કરવા માંગે છે. જો કે, તેણે કહ્યું હતું કે, જ્યાં સુધી પ્રોડક્શન હાઉસ જાહેરાત નહીં કરે ત્યાં સુધી તે કંઈપણ કહેશે નહીં. ડોન ૩ અને વોર ૨ સિવાય કિયારા અડવાણી પાસે રામ ચરણ સ્ટારર ફિલ્મ ગેમ ચેન્જર પણ છે. આ ફિલ્મનું નિર્દેશન એસ શંકર કરી રહ્યા છે, જેમણે ભારતીય, રોબોટ અને શિવાજી જેવી ફિલ્મો બનાવી છે. આ પહેલા તે મહેશ બાબુ સાથે ફિલ્મ ભારત આને નેનુમાં જોવા મળી હતી. રિપોર્ટ્સનું માનીએ તો ગેમ ચેન્જરનું બજેટ ૧૭૦-૨૦૦ કરોડ રૂપિયા છે. આ ફિલ્મ આ ક્રિસમસ પર રિલીઝ થઈ શકે છે. એટલે કે આગામી દિવસોમાં કિયારા અડવાણી ત્રણ મોટી ફિલ્મોમાં જોવા મળશે. જેના પર નિર્માતાઓએ લગભગ ૬૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.



# મુંબઈથી હૈદરાબાદ જવા નીકળેલી રશ્મિકા મંદાના સાથે ફ્લાઈટમાં શું થયું?

એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ હાલમાં જ સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ મૂકી હતી જેનાથી તેના ફેન્સ ચિંતાતુર થયા હતા. રશ્મિકાના કહેવા પ્રમાણે, તેણે ફ્લાઈટની જર્ની દરમિયાન મોતને નજર સમક્ષ જોયું હતું. રશ્મિકા મંદાનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ફ્લાઈટમાં બેઠેલી પોતાની તસવીર શેર કરતાં લખ્યું, "તમારી જાણકારી માટે જણાવી દઉં કે, આજે મોતને નજર સમક્ષ જોયું ત્યારે અમે આવા લાગતા હતા." આ સાથે જ તેણે કેટલાક હસતા ઈમોજી શેર કર્યા હતા. તસવીરમાં રશ્મિકા સાથે 'ખાખીઃ ધ બિહાર ચેપ્ટર'ની એક્ટ્રેસ શ્રદ્ધા દાસ જોવા મળી રહી છે. શ્રદ્ધા અને રશ્મિકા મુંબઈથી હૈદરાબાદ જઈ રહેલી ફ્લાઈટમાં સવાર હતા. જોકે, ફ્લાઈટ ઉડાણ ભર્યાની ૩૦ મિનિટમાં જ અચાનક આવી પડેલા ટેક્નિકલ ઈશ્યૂને લીધે પાછી ફરી હતી. આ ઘટનામાં કોઈને ઈજા ના થઈ હોવાનું જાણવા મળ્યું છે. રશ્મિકા અને શ્રદ્ધા વિસ્તારાની ફ્લાઈટમાં મુસાફરી કરી રહ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે, શ્રદ્ધા અને રશ્મિકા સહિતના તમામ મુસાફરોને ટેક્નિકલ ખામીના લીધે ભયંકર અનુભવ થયો હતો. ટર્બ્યુલન્સના લીધે પેસેન્જરો ભયભીત થયા હતા. આ ઘટના અંગે વિસ્તારા તરફથી પણ પ્રતિક્રિયા આપવામાં આવી છે. વિસ્તારાના પ્રવક્તાએ નિવેદનમાં જણાવ્યું, "૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મુંબઈથી હૈદરાબાદ જઈ રહેલી વિસ્તારાની ફ્લાઈટ UK ૫૩૧માં ટેકઓફ થયાની થોડી જ વારમાં ખામી સર્જાઈ હતી. તકેદારીના પગલા રૂપે અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરતાં પાયલટ્સે ફ્લાઈટ પાછી વાળવાનું નક્કી કર્યું. તેમણે સુરક્ષિત રીતે ફ્લાઈટને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ કરી હતી. આ વિમાનને ફરીથી ઉપયોગમાં લેતાં પહેલા તેમાં જરૂરી ચેકિંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન, બીજા એરક્રાફ્ટની વ્યવસ્થા કરવામાં આવી અને ટૂંક સમયમાં જ તે હૈદરાબાદ માટે રવાના થયું હતું. પેસેન્જરોને થયેલી અસુવિધા દૂર કરવા માટેના પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ નગરના વાવડી ફળિયાના મકાનમાં અચાનક આગ લાગતા ઘરવખરી સહિત તમામ સામાન આગમાં સ્વાહા

## અચાનક આગ લાગતા હિન્દુ મુસ્લિમ સમાજના સહુ લોકોના સહિયારા પ્રયાસો થી આગને કાબૂમાં લેવાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરના વાવડી ફળિયામાં તારીખ ૨૦-૦૨-૨૦૨૩ ના રોજ રાત્રીના ૮ વાગ્યા દરમ્યાન મકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. લાકડાની બનાવટના જૂના મકાનમાં આગ લાગતા આગ બેકાબુ બની ગયેલ હતી. આગને કાબુમાં લેવા હિન્દુ અને મુસ્લિમ સમાજના સહુ લોકોએ સહિયારા પ્રયત્નો કરવા લાગ્યા હતા. આગ એટલી ભયંકર લાગી હતી કે મકાનની અંદર રહેલ બધો માલ સામાન બળીને ખાખ થઈ ગયેલ હતો. આગ લાગતાની સાથે નગરપાલિકાનું ફાયર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયેલ હતું તેમજ વધુ આસપાસના વિસ્તારમાં આગ ન વધે તેની તકેદારી રૂપે દાહોદ થી પણ ફાયર બોલાવવામાં આવેલ હતું. આગ એટલી ભયંકર લાગી હતી કે આગ ઓલવવા માટે લગભગ દોઢ કલાક જેટલો સમય લાગ્યો હતો. આ મકાનમાં બ્રહ્મ સમાજના લાલાભાઈ અને તેમની બહેન રહેતા હતા. સદનસીબે કોઈ જાનહાની થયેલ ન હતી પણ મકાનની અંદરનો ઘરવખરી સહિતનો બધો સામાન બળીને આગમાં સ્વાહા થઈ ગયેલ હતો. આ ભાઈ બહેનનું મકાન બળીને ખાખ થઈ જતાં તેઓ માટે રહેવા-ખાવા-પીવાની વ્યવસ્થા માટે સહુ કોઈ ચિંતિત જોવા મળતા હતા. આગ લાગેલ સ્થળે પ્રાંત અધિકારી, મામલતદાર, પોલીસ સહુ ઘટના સ્થળે દોડી આવી પૂરી ઘટનાનો તાગ મેળવ્યો હતો. આગ ઓલવવા માટે જોડાયેલ હિન્દુ અને મુસ્લિમ સમાજના સહુ લોકો એકજૂટ થઈ આગને ઓલવવાના તમામ પ્રયાસો કર્યા હતા. મકાનમાં આગ લાગતા એક પરિવારનો માળો છીનવાઈ જતાં આ સ્થળનો તાત્કાલિક સર્વે કરી અધિકારીઓ સહાય આપી મકાન બનાવી આપે તેવી નગરમાં લોકમાંગ ઉઠવા પામી હતી. આ આગને લીધે આ આખું મકાન બળી જતાં આઠ થી દસ લાખના નુકસાની મકાનમાં રહેલતા પરિવારને થયેલ છે તેમજ આ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોઈ સરકાર તાત્કાલિક કોઈ સરકારી સહાય જાહેર કરે તેવી લોકમાંગ ઉઠવા પામેલ છે.

# થરા કોલેજના વિદ્યાર્થીએ ૨૨૦૦ મીટર રનીંગ દોડમાં પ્રથમ નંબર મેળવીને ગૌરવ વધાર્યું



તસ્વીર : યશપાલસિંહ વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૧ ।

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ દ્વારા આયોજીત ખડક ચઢાણ બેઝીક કોર્સનું આયોજન તાઃ ૦૯/૦૨/૨૪ થી ૧૯/૦૨/૨૪ દરમિયાન સ્વામી વિવેકાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ-માઉન્ટ આબુ ખાતે રાખવામાં આવેલ હતું,જેમાં સમગ્ર ભારતની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી કુલ ૧૪૦ વિદ્યાર્થીઓએ (સ્પર્ધક) ભાગ લીધો હતો.જેમાં ૨૨૦૦ મીટર રનીંગ દોડમાં કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી મહેશભાઈ ઈશ્વરભાઈ ચૌધરીએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે અને આર્ટિફિશ્યલ વોલ કલાઈમ્બિંગ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી. સિલ્વર મેડલ પ્રાપ્ત કરી કોલેજનું અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણનું ગૌરવ વધારેલ છે.જે બદલ કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ધીરજકુમાર કે.શાહ તથા સમગ્ર કેળવણી મંડળના સદસ્યશ્રીઓ અને કોલેજના આચાર્ય ડૉ.દિનેશ ભાઈ એસ.ચારણ તથા પીટીઆઈ હિતેશભાઈ ચૌધરી તથા સમગ્ર કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

# ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલીમાં કોમન પ્રવેશ પરીક્ષા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી - મોરા- સુખસર તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને એકલવ્ય પ્રવેશ પરીક્ષા અને કોમન પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ બાળકો, અપંગ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન અને જરૂરી તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા ધોરણ ૫ માં જે બાળકોએ કોમન પ્રવેશ પરીક્ષાના ફોર્મ ભરેલા હોય તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમને જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા cet (કોમન પ્રવેશ પરીક્ષા) ધોરણ ૫ માં ભણતા સરકારી શાળાના વિદ્યાર્થીઓની પ્રતિભા અને તેજસ્વીતા બહાર લાવવા માટે અને નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા બાળકોને મદદરૂપ થવા માટે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. મેરીટના આધારે જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ, જ્ઞાન શક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ, રક્ષા શક્તિ સ્કૂલ, મોડેલ સ્કૂલ જેવી નિવાસી શાળાના નિશુલ્ક શાળાના પ્રવેશ cet ના આધારે આપવામાં આવે છે તદઉપરાંત જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ ૩૦૦૦૦ તેજશ્વી વિદ્યાર્થીઓ આર્થિક સહાય મેળવવા cet પરીક્ષા મેરીટ ધ્યાનમાં લેવામાં આવે છે.પ્રશ્નપત્રના મહાવરા અને બ્લૂ પ્રિન્ટ વિશે બાળકોને માહિતી આપવામાં આવી હતી. સુખસર એકલવ્ય તાલીમ વર્ગ ખાતે રાજુભાઈ મકવાણા અને મોરા એકલવ્ય તાલીમ વર્ગ ખાતે અશ્વિનભાઈ સંગાડા દ્વારા કોમન પ્રવેશ પરીક્ષાની માહિતી આપી હતી.

# રાજસ્થાનના જયપુર ખાતે યોજાયેલી નેશનલ એમેટીયુર ચેસ ચેમ્પિયનશીપમાં ગુજરાતના પ્રતિભાશાળી ખેલાડીઓ ચમક્યા




। રાજસ્થાન, તા.૨૧ ।

૧૩-૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન રાજસ્થાનના જયપુર ખાતે તાજેતરમાં પૂર્ણ થયેલ ૧૧મી નેશનલ એમેચ્યોર ચેસ ચેમ્પિયનશીપ-૨૦૨૪માં ગુજરાતની પ્રતિભાશાળી ચેસ ખેલાડી રૂહાની રાજ અસુદાની ચમકી હતી અને ૧૭૦૦થી નીચેની મહિલા વર્ગમાં ચેમ્પિયન બની હતી. બીજી તરફ ૧૭૦૦થી નીચેની ઓપન કેટેગરીમાં વેદાંત આર. વારસાડા અને ૨૩૦૦થી નીચેની ઓપન કેટેગરીમાં કર્તવ્ય અનડકટ અનુક્રમે બીજા ક્રમે રહ્યા હતા. આ ટુર્નામેન્ટ દરમિયાન ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન તરફથી તમામ ખેલાડીઓને હૃદયપૂર્વક અભિનંદન. તમારી મહેનત અને દ્રઢતાનું ફળ મળ્યું છે.

# ઝાલોદ તાલુકાના ઠુંઠીકંકાસીયાના યુવકનું છકડાની અડફેટે આવતા મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

તારીખ ૧૯-૦૨-૨૦૨૪ આસરે સાંજના પાંચ વાગ્યાની આજુબાજુ ઠૂંઠીકંકાસીયાના યુવકનું છકડાની અડફેટે આવતા મોત થયેલ છે. મરણ પામનાર વિનોદ અર્જુન ગરાસિયા પોતાની અપાચી બાઈક GJ-27-H-3131 લઈ ધાવડીયા માછણ નદીના પુલ નજીકથી પસાર થઈ રહેલ હતાં તે દરમ્યાન એક લોડીંગ છકડો GJ-20W-7038 પુરઝડપે ગફલત રીતે હંકારતા બાઈક પર સવાર વિનોદભાઈનું એક્સિડન્ટ કરી છકડો સ્થળ પર મૂકી નાસી ગયેલ હતો. છકડાની અડફેટે આવતા વિનોદભાઈ ને શરીરના ભાગોમાં ગંભીર ઈજા થતાં તાત્કાલીક ૧૦૮ મારફતે ઝાલોદ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવેલ હતા. સરકારી હોસ્પિટલમાં લવાતા ઈજા વધુ ગંભીર હોવાથી વિનોદભાઈને વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતા ત્યાં ડોક્ટર દ્વારા તપાસ કરાતા વિનોદભાઈનું મોત થઈ ગયેલ હતું. આ અંગે મૃતક વિનોદભાઈના પરિવાર દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામા આવેલ છે.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે વર્લ્ડબેંકની ટીમ અને ગુજરાતની મુલાકાતે આવેલા

# ૧૩થી વધુ દેશોના શિક્ષણમંત્રીઓ તેમજ શિક્ષણ ક્ષેત્રના પ્રતિનિધિઓની ગાંધીનગર ખાતે મુલાકાત બેઠક યોજાઇ હતી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરુ થયેલી ગુજરાતની છેલ્લા બે દાયકાની એજ્યુકેશન ટ્રાન્સફોર્મેશન જર્ની તેમજ ગુજરાતના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'મિશન સ્કુલ્સ ઓફ એક્સેલેન્સ' અને 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' અંગેની તલસ્પર્શી માહિતી આ પ્રતિનિધિમંડળને બેઠક દરમ્યાન તેમણે આપી હતી.

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં એક જ સ્થળેથી રાજ્યભરની હજારો સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી, સ્કુલ એડમિનિસ્ટ્રેશન, ગુણોત્સવ સહિતના વિવિધ પાસાઓ અને ડેટાનું રીઅલ ટાઈમ મોનિટરીંગ કરવામાં આવે છે. જે થકી વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોને ઘણો લાભ મળી રહ્યો છે, તેમજ રાજ્યની શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધુ ગુણવત્તાસભર બની છે. તે અંગેની સફળતાથી આ પ્રતિનિધિમંડળે પ્રભાવિત થઈને વિદ્યા સમીક્ષા કેન્દ્ર જેવું મોડલ તેમના દેશમાં વિકસાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર જરૂર જણાયે રાજ્ય સરકારના જરૂરી સહયોગ માટેની તત્પરતા દર્શાવી હતી.

આ મુલાકાત બેઠકમાં શિક્ષણ મંત્રી શ્રી કુબેર ભાઈ ડિંડોર, રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન, શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ અને વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

# વિચારોની એકતાથી જ વિકાસ અને સમૃદ્ધિ સંભવ બને છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

રાજભવનમાં આજે અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ રાજ્યના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ બંને રાજ્યોના નાગરિકોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા. ગુજરાતમાં રહીને અભ્યાસ કરી રહેલા આ બંને રાજ્યોના યુવાનોએ આ અવસરે પોતાના પ્રદેશના લોકનૃત્યો પ્રસ્તુત કર્યા હતા.

ભારતમાં પૂર્વોત્તર રાજ્ય પૈકીના બે; અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી માટે રાજભવન પધારેલા બંને રાજ્યોના નાગરિકોને સંબોધન કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાથે સ્થાપના દિવસની ઉજવણી કરાઈ રહી છે. આ ઉજવણીથી વિવિધ રાજ્યોના નાગરિકો એકબીજાની નજીક આવે છે. બે રાજ્યોના લોકો વચ્ચે એકતાનો ભાવ પ્રગટે છે, વિચારોનું ઐક્ય પ્રગટે છે. વિચારોની એકતાથી જ વિકાસ અને સમૃદ્ધિ સંભવ બને છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતના અન્ય રાજ્યોની માફક જ પૂર્વોત્તર રાજ્યોનો પણ સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, શરીરનું એક પણ અંગ કમજોર કે નબળું હોય તો શરીર સ્વસ્થ રહેતું નથી, એમ ભારતના તમામ ભાગોનો સર્વાંગી વિકાસ થાય એ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. નોર્થઈસ્ટના રાજ્યો પણ સંપૂર્ણ વિકાસ તરફ આગળ વધી રહ્યા છે.

# ધ્રોલમાં "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"ની ઉજવણીના ભાગરુપે મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) જામનગર, તા.૨૧ ।

રાજ્ય સરકારના માર્ગદર્શન તળે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર, શ્રી એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર- ધ્રોલ અને શ્રી એમ.ડી.મહેતા મહિલા મંડળ- ધ્રોલ દ્વારા વીમેન સાયન્સ કલબની બહેનો માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

"રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"ની ઉજવણીના ભાગરૂપે "સાયબર સિક્યુરીટી ઈન મોબાઈલ" વિષય પર વ્યાખ્યાન સત્રનું આયોજન કરાયું હતું. વર્તમાન સમયમાં સાઈબર ક્રાઈમ અટકાવવા અંગેના ઉપાયો, તેનાથી કઈ રીતે બચી શકાય, સાયબર ક્રાઈમ એટલે શું, સાઈબર ક્રાઈમ થવા પાછળના મુખ્ય કારણો, તેમના પ્રકારો, મોબાઈલ માંથી ડેટા કઈ રીતે ચોરી થાય, ફેક કોલ, બનાવટી લિંક, સોશિયલ મીડિયા અને મોબાઈલ સિક્યોરિટી વગેરે મુદાઓ અંગે વિસ્તાર પૂર્વક માહિતી અપાઈ હતી. તેમજ સાયબર ક્રાઈમનો બનાવ બને તો સૌપ્રથમ કયા પગલાં લેશો ?, કોનો સંપર્ક કરશો ?, રીપોર્ટિંગ માટેનું પોર્ટલ ક્યું તેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મહિલાઓ માટે પ્રશ્નોતરી સત્રનું આયોજન કરાયું હતું, જેમાં મહિલાઓએ વર્તમાન સમસ્યા અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

## કાનૂની શિક્ષણ શિબિર...



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાની માલામહુડી પ્રા. શાળામાં કાનૂની શિક્ષણ શિબિર નું આયોજન કરાયું શ્રી એચ. એ.જોષી. એ બાળ કાયદા, મહિલા સશકિતકરણ વગેરેની માહિતી આપી. આચાર્ય શ્રી ભીખાભાઈ પ્રજાપતિ તથા સ્ટાફ મિત્રોએ સહકાર આપ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો? આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્રઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો તમારી મોટી ગેરસમજ થાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે?

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરીમાં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો- આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે-જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

યુઝવેન્દ્ર ચહલને રિલિઝ કરવા બાબતે મોટો ખુલાસો

# આરસીબી ચહલને હરાજીમાં ખરીદવા માગતી હતી : હેસન

ચહલને રિલીઝ કરવા પાછળનું કારણ સમજાવવા ફોન કરવામાં આવ્યો હતો, તે નારાજ હતો અને વાત ન કરી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલ ૨૦૨૨માં સ્પિનર યુઝવેન્દ્ર ચહલને રિટેન કર્યો ન હતો અને તેને મેગા ઓક્શનમાં મોકલ્યો હતો. આ અત્યાર સુધીનો સૌથી ચોંકાવનારો નિર્ણય છે. કારણ કે ચહલ આઈપીએલઅને ટી૨૦આઈક્રિકેટમાં ભારતનો સૌથી સફળ બોલર છે. આરસીબીએ આવું કેમ કર્યું તે અંગે કોઈએ ક્યારેય કોઈ ખુલાસો કર્યો નથી. પરંતુ આઈપીએલ ૨૦૨૪ પહેલા આરસીબીના પૂર્વ ક્રિકેટ ડિરેક્ટર માઈક હેસને આ અંગે ઘણા ખુલાસા કર્યા છે. તેણે કહ્યું કે, ‘‘ચહલને રિલીઝ કરવા પાછળનું કારણ સમજાવવા માટે વ્યક્તિગત ફોન કરવામાં આવ્યો હતો. તે નારાજ હતો અને તેણે વાતચીતમાં રસ દાખવ્યો ન હતો.

હેસને કહ્યું, ‘‘અમે મોટી બોલી લગાવીને ચહલને હરાજીમાં ખરીદવા માગતા હતા. હું તે જાણું છું કારણ કે આ બધા આયોજનમાં હું ટીમની સાથે હતો. મને યાદ છે કે પછી જ્યારે મેં ચહલને ફોન કર્યો ત્યારે તે નારાજ થઈ ગયો હતો. તે સમયે તેને હરાજીની ગતિશીલતા સમજાવવાનો પ્રયાસ કરવો ખૂબ મુશ્કેલ હતું. ચહલ ખૂબ જ દુખી હતો અને આવું થવું સ્વાભાવિક છે. તે આરસીબીના સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંથી એક હતો અને તેને રિટેન કરવામાં આવ્યો ન હતો. પરંતુ હું દરેકને ખાતરી આપી શકું છું કે તે સમયે અમે જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા તેનાથી તેઓ સારી રીતે વાકેફ હતા.’’

હેસને આગળ કહ્યું, ‘‘મેં ચહલ સાથે વાત કરી હતી જ્યારે અમે પ્રારંભિક રિટેનશન કર્યું હતું અને અમે માત્ર ત્રણ ખેલાડીઓને રિટેન કરી રાખ્યા હતા કારણ કે અમને લાગ્યું કે અમે હરાજીમાં હર્ષલ પટેલ અને ચહલ બંનેને પાછા ખરીદવાનો પ્રયાસ કરવા માગતા હતા. પરંતુ મેગા ઓક્શનને કારણે મામલો થોડો જટિલ બન્યો હતો. આઈપીએલના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક હોવા છતાં તેને માર્કી ખેલાડીઓની યાદીમાં સ્થાન મળ્યું ન હતું. તેનું નામ ૬૪ ખેલાડીઓ બાદ હરાજીમાં આવ્યું છે. તેનો અર્થ એ થયો કે અમે તેને ખરીદીશું કે નહીં તેની ખાતરી આપવી અમારા માટે ખરેખર મુશ્કેલ હતું. આ કારણે આરસીબીએ હર્ષલને ખરીદ્યો, પરંતુ ચહલને રાજસ્થાન રોયલ્સે ખરીદ્યો. તેના સ્થાને આરસીબીએ શ્રીલંકાના ઓલરાઉન્ડર વાનિન્દુ હસરંગાને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.’’

હાલ વડોદરામાં બે રૂમના ફ્લેટમાં રહે છે

# ઈશાન કિશન બ્રેક લઈને પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે

વડોદરામાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની સાથે રિલાયન્સ ક્રિકેટ સ્ટેડિયમમાં ટ્રેનિંગ કરી રહ્યાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહેલા ક્રિકેટર ઈશાન કિશન બે મહિનાના બ્રેક બાદ ક્રિકેટ ગ્રાઉન્ડ પર વાપસી કરવા માંગે છે. છેલ્લાં છ સપ્તાહથી આ વિકેટ કિપર બેટ્સમેન વડોદરામાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની સાથે રિલાયન્સ ક્રિકેટ સ્ટેડિયમમાં ટ્રેનિંગ કરી રહ્યાં છે.

હાલમાં જ અફઘાનિસ્તાનની સામે વ્હાઈટ બોલ અને ઈંગ્લેન્ડી વિરુદ્ધ પાંચ મેચની ટેસ્ટ સીરિઝમાં તેમની પસંદગી થવા પર બબાલ થઈ હતી. પરંતુ આ ક્રિકેટરને મળેલા બ્રેકને કારણે તેઓ પરિવાર સાથે સમય પસાર કરી રહ્યાં છે. જેનાથી તેને માનસિક થાક ઉતારવાનો મોકો મળ્યો. પ્રાપ્ત માહિતી અનુસાર ઈશાન કિશન ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાં સ્થાન બનાવવા માટે પોતાની ટ્રેનિંગ અને બેટિંગ ટેકનિક પર કામ કરી રહ્યો છે. ૨૫ વર્ષીય ક્રિકેટર પોતાના પરિવારની સાથે વડોદરામાં



ભાડાના ટુ બીએચકે ફ્લેટમાં રહે છે, જ્યાં તેની સાથે તેના માતાપિતા અને બે વર્ષનો ભત્રીજો રહે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ઈશાનને બ્રેકથી ફાયદો થયો છે. તેણે વડોદરામાં એક ફ્લેટ ભાડેથી લીધો છે. જ્યાં તેનો આખો પરિવાર હાલ રહે છે. મોટાભાઈ રાજ લખનઉમાં સર્જન હોવાથી તે વડોદરામાં નથી. પરંતુ ભત્રીજો ઈશાનની સાથે છે. આ મુશ્કેલ સમયમાં તેનો પરિવાર તેની સાથે છે. આંતરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કર્યા બાદથી ઈશાન સતત ટુર પર છે. તે હંમેશા પોતાની મમ્મીના હાથથી બનાવેલુ ભોજન ખાવાનું પસંદ કરે છે. તેથી તે હાલ બ્રેકમાં પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. આ કારણે તેઓ શાંતિ અનુભવી રહ્યાં છે. હાલ તે પરિવારનો સાથ એન્જોય કરી રહ્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે, ઈશાન કિશન બ્રેક ઈચ્છતા હતા. તેઓ માનસિક થાક ઉતારવા માંગતા હતા. તેથી તે હાલ વડોદરામાં પરિવાર સાથે છે. ઉલ્લેખનીય છે કે, ઈશાન કિશનની રણજી ટ્રોફીમાં ગેરહાજરીને કારણે ઘરેલુ મેચની સરખામણીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગને પ્રાથમિકતા આપનારા ક્રિકેટર્સ પર સવાલો ઉઠ્યા હતા. બીસીસીઆઈના સચિવ જય શાહે ક્રિકેટરોને ચેતવણી આપી કે, ઘરેલુ ક્રિકેટ ટીમમાં પસંદગી એ ક્રિકેટર માટે મહત્વનો માપદંડ ગણાય છે. તેમાં ભાગ ન લેવા પર ગંભીર પરિણામ ક્રિકેટરોને ભોગવવા પડશે.

આઈપીએલ પહેલાં ચેન્નાઈની ટીમને આંચકો

# ઈજા થતાં શિવમ દુબે IPLની કેટલીક મેચ નહીં રમી શકે

। નવી દિલ્હી,તા.૨૧ ।

ચેન્નઈ સુપર કિંગ્સને આઈપીએલ ૨૦૨૪ પહેલા મોટો ઝાટકો લાગ્યો છે. ચેન્નઈનો સ્ટાર ઓલરાઉન્ડર શિવમ દુબે રણજી ટ્રોફીની મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાને કારણે તે રણજી ટ્રોફી ૨૦૨૪ની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. શિવમ દુબે આ સમયે શાનદાર ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો. આસામ સામે મુંબઈની તાજેતરની મેચમાં બેટિંગ કરતી વખતે તેને ઈજા થઈ હતી. તે મેચમાં શિવમે ૧૨૧ રનની અણનમ ઈનિંગ રમી હતી. ઈજા હોવા છતાં દુબેની વર્તમાન રણજી સિઝન શાનદાર રહી છે, તેણે ૫ મેચોમાં ૪૦૭ રન બનાવ્યા છે, જેમાં બે સદી અને બે ફિફ્ટી સામેલ છે.




આ દરમિયાન તેણે ૧૨ વિકેટ પણ લીધી હતી. હાલ શિવમ દુબેની ઈજા અંગે ચેન્નઈ સુપર કિંગ્સ અથવા મુંબઈ રણજી ટીમ મેનેજમેન્ટ તરફથી કોઈ અપડેટ આવ્યું નથી. પરંતુ તે નિશ્ચિત છે કે તે ૨૨ માર્ચથી શરૂ થનારી આઈપીએલના પ્રથમ રાઉન્ડની કેટલીક મેચમાંથી બહાર થઈ શકે છે.

ગુજરાત ટાઈટન્સના ખેલાડીને લઈને મોટા સમાચાર

# કરારના ભંગ બદલ સ્પિનર નૂર અહેમદ પર આઈએલટી-૨૦માં વર્ષનો પ્રતિબંધ

। નવી દિલ્હી,તા.૨૧ ।

આઈપીએલ ૨૦૨૪ પહેલા ગુજરાત ટાઈટન્સના સ્ટાર સ્પિનર નૂર અહેમદને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. નૂર પર ૧૨ મહિના માટે આઈએલટી૨૦માં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેની ફ્રેન્ચાઈઝી શારજાહ વોરિયર્સે નૂર અહેમદને ઈન્ટરનેશનલ લીગમાંથી પ્રતિબંધિત કર્યો હતો. તેના પર કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. નૂર અહેમદને શારજાહ વોરિયર્સે ૧ સિઝન માટે સાઈન કર્યો હતો. આ પછી ફ્રેન્ચાઈઝી નૂરને આગામી સીઝન માટે રિટેન કરવા માંગતી હતી. તેને રિટેન્શન નોટિસ પણ રજૂ કરવામાં આવી હતી. પરંતુ અહેમદે તેના પર સહી



કરવાનો ઈનકાર કર્યો હતો. આવી સ્થિતિમાં તેના પર ૧૨ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નૂર અહેમદ માત્ર શારજાહ વોરિયર્સ જ નહીં આએલટી૨૦માં કોઈપણ ફ્રેન્ચાઈઝી માટે રમી શકશે નહીં.

૧૯ વર્ષીય નૂર અહેમદે અફઘાનિસ્તાન માટે અત્યાર સુધી ૯ વન-ડેમેચ રમી છે, જેમાં તેણે ૮ વિકેટ ઝડપી છે. જયારે તેણે ૬ ટી૨૦આઈમેચમાં ૫ વિકેટ લીધી છે.

# ૨૩ ફેબ્રુથી WPL 2024ની શરુઆત, ગુજરાત જાયન્ટસી કાશવી ગૌતમ ટૂર્નામેન્ટમાંથી બહાર



। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૧ ।

વુમન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ની શરુઆત ૨૩ ફેબ્રુઆરીથી થઈ રહી છે. ઓક્શનમાં સૌથી મોંઘી ખેલાડી ગુજરાત જાયન્ટસી કાશવી ગૌતમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. વુમન્સ પ્રીમિયર લીગને શરુથવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ટૂર્નામેન્ટની પહેલી મેચ મુંબઈ અને દિલ્હી વચ્ચે રમાશે, પરંતુ આ પહેલા ગુજરાત જાયન્ટસને મોટો ઝટકો લાગ્યો છે. તેની એક ખેલાડી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ગુજરાતની પ્રથમ મેચ ૨૫ ફેબ્રુઆરીના રોજ મુંબઈ વિરુદ્ધ છે. ડબલ્યુપ ીએલે એક પ્રેસ રિલીઝ કરતા લખ્યું કે, વુમન્સ પ્રીમિયર લીગની સૌથી મોંઘી ખેલાડી કાશવી ગૌતમ ઈજાને કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ૩ વર્ષ પહેલા ચંદીગઢની અંડર ૧૯ ટીમની કેપ્ટન રહી ચૂકેલી કાશવી ગૌતમે વનડે ફોર્મેટમાં અરુણાચલ પ્રદેશની ટીમ વિરુદ્ધ ૧૦ વિકેટ લઈ ઈતિહાસ રચ્યો હતો. આ વખતે વિમન્સ પ્રીમિયરમાં સૌથી મોંધી ખેલાડી રહી હતી. ૩ વર્ષ પહેલા ચંદીગઢની અંડર ૧૯ ટીમની કેપ્ટન રહી ચૂકેલી કાશવી ગૌતમે વનડે ફોર્મેટમાં અરુણાચલ પ્રદેશની ટીમ વિરુદ્ધ ૧૦ વિકેટ લઈ ઈતિહાસ રચ્યો હતો. આ વખતે વિમન્સ પ્રીમિયરમાં સૌથી મોંધી ખેલાડી રહી હતી.

# અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનરે માત્ર એક ભૂલ કરીને ૧ વર્ષનો પ્રતિબંધ લાગ્યો

। (એજન્સી) અફઘાનિસ્તાન, તા.૨૧ ।

અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર નૂર અહમદને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ILT20થી નૂરને ૧૨ મહિના માટે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. તેની ફ્રેન્ચાઈઝી શારજાહ વોરિયર્સે નૂર અહેમદને ઈન્ટરનેશનલ લીગમાંથી પ્રતિબંધિત કર્યો છે. અફઘાન ખેલાડી પર કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. તમને જણાવી દઈએ કે, અફઘાનિસ્તાનના સ્પિનર નૂર અહમદને શારજહા વોરિયર્સે ૧ સીઝન માટે સાઈન કર્યો હતો. ત્યારબાદ બીજી સીઝન માટે નૂરને ફ્રેન્ચાઈઝી રિટેન કરવા માંગતી હતી. તેનું રિટેન્શન નોટિસ પણ આપવામાં આવી હતી પરંતુ અહમદે તેના પર સાઈન કરવાની ના પાડી દીધી હતી. જેના કારણે તેના પર ૧૨ મહિનાનો પ્રતિબંધ લાગ્યો છે. નૂર અહમદ માત્ર શારજહા વોરિયર્સ જ નહિ પરંતુ ઈન્ટરનેશનલ લીગ ટી ૨૦માં પણ કોઈ પણ ફ્રેન્ચાઈઝી સાથે રમી શકશે નહિ.

# કચ્છમાં એડવેન્ચર ટુરિઝમ વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે કચ્છના યુવાનો દ્વારા એક જ દિવસમાં કચ્છના ૬ ડુંગરો ચડવાનો સાહસ ખેડવામાં આવ્યો

## આ વર્ષે આ સાહસિક ગ્રુપની અંદર અમદાવાદ અને સુરતના લોકો પણ જોડાયા હતા

કચ્છમાં એડવેન્ચર ટુરિઝમ વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે કચ્છના યુવાનો દ્વારા એક જ દિવસમાં કચ્છના ૬ ડુંગરો ચડવાનો સાહસ ખેડવામાં આવ્યો છે. સિક્સ હિલ્સ અ ડે હેઠળ કચ્છના ૩૦ યુવાનોએ એક જ દિવસમાં કચ્છના ૬ નામી નનામી ડુંગર કે જેનું ટોટલ ૨૧ કિલોમીટર જેટલું આરોહણ અવરોહણ થાય છે તે સર કરવામાં આવ્યું હતું.

આ વર્ષે આ સાહસિક ગ્રુપની અંદર અમદાવાદ અને સુરતના લોકો પણ જોડાયા હતા. જેમને સૌથી પહેલા સવારના ૪ વાગ્યાની આસપાસ ભુજની અંદર આવેલો ભુજીયો ડુંગર પછી નનામો ડુંગર, નખત્રાણા તાલુકામાં આવેલ ધીણોધર ડુંગર, સાંયરો ડુંગર, વિંછીયો ડુંગર અને ખટલો ડુંગર આ પ્રકારના છ અલગ અલગ ડુંગરોનું એક જ દિવસમાં આરોહણ અને અવરોહણ કર્યું હતું. નનામો અને ધીણોધર ડુંગર કચ્છના સૌથી મોટા ડુંગર તરીકે માનવામાં આવે છે. આ ડુંગરો પૈકી અમુક ડુંગરો પ્રખ્યાત છે તો અમુક ડુંગરો નનામી છે. સિકસ હિલ્સ અ ડેમાં આખા દિવસમાં ૨૪૦ કિલોમીટર જેટલી વાહનથી મુસાફરી કરવામાં આવી હતી. તો અંદાજિત ૨૧ કિલોમીટર જેવું પગપાળા જંગલોની અંદર અને ડુંગરોની અંદર ચાલવાનું થયું હતું.

ભુજના યુવા સાહસિક ડૉ. આલાપ અંતાણી અને અન્ય ૩૦ જેટલા યુવાનોએ સાથે મળીને સવારના ૩:૩૦ વાગ્યાથી રાત્રીના ૯:૩૦ વાગ્યા સુધીમાં કચ્છના જુદા જુદા વિસ્તારનાં ૬ ડુંગર પર આરોહણ અવરોહણ કરવાનું સાહસ ખેડ્યું હતું. જેમાં કુલ ૨૪૦ કિલોમીટરની વાહનથી મુસાફરી કરવામાં આવી હતી તો અંદાજિત ૪૧૦૦૦ જેટલા સ્ટેપ્સ અને ૬ ડુંગરની અંદાજિત ૭૦૦૦ ફૂટ ઊંચાઈઓ મળીને કુલ ૨૧ કિલોમીટરનું અંતર સર













કરવામાં આવ્યું હતું. ડુંગરો પર માનસિક શાંતિનો અહેસાસ: સિકસ હિલ્સ અ ડેમાં સમાવિષ્ટ કરવામાં આવેલ દરેક ડુંગરોની કુલ હાઈટની વાત કરવામાં આવે તો ૬ ડુંગરોની કુલ હાઈટ લગભગ ૭૦૦૦ ફૂટ જેટલી હાઈટ જે છે એ સર કરવામાં આવી હતી. આ સાહસ એક પ્રકારે અસામાન્ય રીતે સાહસિક અભિયાન છે જે દર વર્ષે આલાપ ભાઈ દ્વારા કરવામાં આવતું હોય છે. દરેક ડુંગર ઉપર દર વર્ષે અલગ જ પ્રકારના આહ્લાદક દ્રશ્યો જોવા મળે છે. આ સાહસિક અભિયાન દરમિયાન શારીરિક થાક તો લાગે જ છે સાથે ઉપર પહોંચીને જે દ્રશ્યો જોવા મળે છે તેનાથી માનસિક શાંતિ મળે છે. તેવું આલાપ અંતાણીએ જણાવ્યું હતું.

દર વર્ષે સિકસ હિલ્સ અ ડેનું આયોજન તેમના દ્વારા કરવામાં આવતું હોય છે આ વર્ષે છઠ્ઠું વર્ષ હતું. જેમાં તેમના અને તેમના મિત્રોના ગ્રુપ દ્વારા એક વિશેષ પ્રકારનું આયોજન કરવામાં આવતું હોય છે. આમ તો છેલ્લા ૬ વર્ષથી તેમના દ્વારા સાહસિક અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં એક જ દિવસમાં સવારે ૩:૩૦ વાગ્યાથી કરી અને રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીમાં કચ્છના છ અલગ અલગ જગ્યાએ આવેલા ડુંગરોને સર કરવામાં આવે છે. આજે કચ્છમાં વિવિધ ટુરીઝમ ક્ષેત્રે વિકાસ પામી રહ્યું છે ત્યારે કચ્છની જીઓગ્રાફી અલગથી જાણવા માટે અને સાહસપ્રિય જે પ્રવાસીઓ છે એમને આકર્ષવા કચ્છના ટુરીઝમ ક્ષેત્રે એડવેન્ચર ટુરિઝમનું પણ એક અલગ આયામ આપણે ઉમેરી શકીશું.

### બેવડી ઋતુનો અનુભવ હજી થોડા દિવસ થશે

# હાલ મોટાભાગના શહેરોમાં વાદળછાયું વાતાવરણ છવાયું

## વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે જેની અસર ઉત્તર ગુજરાતના ભાગોમાં થશે : ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં વરસાદની શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

આગાહી મુજબ, કોસ્ટ પર ઉત્તર-ઉત્તર પૂર્વના પવનો ફૂંકાશે. જ્યાં પવનની ગતિ ૧૫થી ૨૦ પ્રતિકલાક રહેવાની શક્યતા છે. કોસ્ટ ઉપરાંતના વિસ્તારોની વાત કરીએ તો ત્યાં પણ પવનની દિશા ઉત્તર ઉત્તર પૂર્વની રહેશે. આ કારણે ગુજરાતમાંથી હાલ ઠંડી જવાની નથી એ વાત તો સાચી છે. બેવડી ઋતુનો અનુભવ હજી થોડા દિવસ થશે.

હાલ તો ગુજરાતમાં મિક્સ ઋતુનું રાજ છે. હાલ મોટાભાગના શહેરોમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. તો ક્યાંક છુટાછવાયા વરસાદની પણ આગાહી છે. અંબાલાલ પટેલે માવઠાની આગાહી કરતા જણાવ્યુ હતુ કે, વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે જેની અસર ઉત્તર ગુજરાતના ભાગોમાં થશે. ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં વરસાદ થવાની શક્યતા રહેશે. આ દિવસોમાં પવનની ગતિ પણ વધારે રહેશે. ત્રણથી પાંચ માર્ચ દરમિયન મુંબઈના ભાગો સુધીમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ૫થી ૭ માર્ચમાં ગુજરાતના ભાગોમાં વાદળો આવશે. જ્યારે વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે પવનની ગતિ અચાનક તેજ થઈ શકે છે. જેની અસર ગુજરાતના કેટલાંક ભાગોમાં જોવા મળશે. શિયાળાની વિદાય અને ઉનાળાની એન્ટ્રી વચ્ચે એક મોટું સંકટ આવ્યું છે. આ વચ્ચે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવ્યું છે. ઉત્તર ભારત પરથી એક મોટું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થવાનું છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૨૦થી ૨૫ ફેબ્રુઆરી સુધીમાં પસાર થશે. જેના લીધે ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમ વર્ષા થઈ શકે છે.

ગુજરાતના વાતાવરણમાં આજથી મોટો પલટો આવવાનો છે. એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાતને ફરીથી ધમરોળશે. આ પ્રકારનું વાતાવરણ ઉત્તર ભારતમાં રહેવાનું છે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૨૧થી લઈને ૨૬ ફેબ્રુઆરી વચ્ચે નોર્મલ ઠંડીનો રાઉન્ડ જોવા મળી શકે છે. આ કડકડતી ઠંડી નહીં હોય સામાન્ય ઠંડી હશે. આમાં પણ મિક્સ ઋતુ તો જોવા મળશે જ. રાત્રિના સમયે ખૂબ ઠંડીનો અહેસાસ થશે. જ્યારે દિવસનું તાપમાન નોર્મલ કરતાં એક-બે ડિગ્રી વધુ રહેશે. રાજ્યના વાતાવરણમાં આજથી પલટો આવશે તેવી આગાહી કરવામાં આવી છે. ચાર દિવસ ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સાયક્લોનિક સર્ક્યુલેશનમાં પરિવર્તિત થયું છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનો અનુભવ થશે. લઘુત્તમ તાપમાનનો પારો ૧૪ ડિગ્રી આસપાસ રહી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા ૩ દિવસથી ગરમીનો અનુભવ થતો હતો. પરંતુ હવે ફરી લોકોએ ઠંડી સહન કરવા માટે તૈયાર રહેવું પડશે. હવામાન ખાતાની આગાહી મુજબ દેશના ઉત્તર ભાગોમાં અસર જેવા મળશે જેના લીધે પહાડો પર ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારમાં ઠંડો પવન ફૂંકાવવાની શક્યતા છે.

### સુરત મોડેલની આત્મહત્યા મામલે મોટો ખુલાસો

# મોડેલ તાનિયા એક મેચ પ્લેયરના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે

## તાનિયા અને આઈપીએલ ખેલાડી અભિષેક શર્મા વચ્ચે પ્રેમસંબંધ હોવાનું જણાઈ રહ્યું છે : ખેલાડીને પૂછપરછ માટે બોલાવાયો

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતમાં ૨૮ વર્ષીય મોડેલે કરેલી આત્મહત્યા અંગે મોટો ખુલાસો થયો છે. મૂળ રાજસ્થાનની તાન્યા નામની મોડેલે પ્રેમ પ્રકરણમાં ગળેફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું છે. જી હા..મોડી રાત્રે ઘરે આવ્યા પછી તાન્યાએ ગળેફાંસો ખાઈ લીધો હતો. તાન્યાએ આત્મહત્યા કરી લેતા પરિવારજનો શોકમાં ગરકાવ થયા છે. આત્મહત્યાનું કોઈ ચોક્કસ કારણ સામે નથી આવ્યું, પરંતુ પ્રેમ પ્રકરણના લીધે આત્મહત્યાની આશંકા વ્યક્ત કરાઈ છે. સુરત મોડેલની આત્મહત્યા મામલે મોટો ખુલાસો થયો છે. મોડેલ તાનિયા એક મેચ પ્લેયરના સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. વેસુ પોલીસની તપાસમાં અનેક ખુલાસા થાય તેવી શક્યતા છે.

સુરત મોડેલની આત્મહત્યા મામલે મોટો ખુલાસો થયો છે. ૨૮ વર્ષીય મોડેલે પ્રેમ પ્રકરણમાં આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસ જોઈ રહી છે. વેસુ પોલીસે IPL ક્રિકેટર ખેલાડીને પૂછપરછ માટે બોલાવાયો છે. તાનિયા અને આઈપીએલ ખેલાડી અભિષેક શર્મા વચ્ચે પ્રેમસંબંધ હોવાનું જણાઈ રહ્યું છે. મોત વ્હાલું કરતા પહેલા તાનિયાએ અભિષેક શર્માને ફોન કર્યા હતો અને વેસુ પોલીસના હાથમાં કોલ ડિટેલ્સને આધારે આ વાત સામે આવી છે. તાનિયા અને અભિષેક ઘણા સમયથી એકબીજાના સંપર્કમાં હતા અને તેમની વચ્ચે ફોન અને વોટ્સએપ પર પણ વાતો થતી હતી. પોલીસનું માનવું છે કે અભિષેક સાથે ફોન પર વાત કર્યાં બાદ જ તાનિયાએ ગળેફાસો ખાધો હતો. તાનિયાના આપઘાતમાં ક્રિકેટરનું નામ સામે આવતાં પોલીસને મોટી કડી હાથ લાગી છે અને તેણે અભિષેકને બોલાવીને પૂછપરછ શરુ કરી છે. અભિષેક શર્મા આઈપીએલ ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદનો ખેલાડી છે. તેણે આઈપીએલની ૪૭ મેચમાં ૮૯૩ રન બનાવ્યા છે. જેમાં એક ઈનિંગમાં તેના સૌથી વધુ ૭૫ રન છે. આઈપીએલમાં અત્યાર સુધીમાં તેણે ૪ ફિફ્ટી ફટકારી છે અને ૯ વિકેટ પણ ઝડપી છે. જ્યારે ડોમેસ્ટિક ક્રિકેટ પંજાબમાંથી રમે છે. સુરતના વેસુ વિસ્તારમાં ૨૮ વર્ષય મોડલે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. મૂળ રાજસ્થાનની અને સુરતમાં મોડલિંગ કરતી તાન્યા સિંગે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગયો છે. જોકે, તેના આત્મહત્યાનું કારણ હજી સામે આવ્યું નથી. સુરતમાં એક મોડલ તરીકે કામ કરતી યુવતીએ આપ ઘાત કરી લીધો હતો. સુરતમાં વેસુના હેપ્પી એલિગન્સ રેસિડેન્સી આપઘાતનો બનાવ બન્યો હતો. તાન્યા ભવાનીસિંગે ગળેફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો. પ્રેમ પ્રકરણમાં તેણે આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. પરિવારીન એકની એક દીકરીએ આપઘાત કરી લેતા પરિવાર શોકમાં ગરકાવ છે.

## થરા શ્રી ઓગડ વિદ્યા મંદિર ખાતે નિવૃત્તિ સન્માન અને ધો.૧૦-૧૨ દીક્ષાંત સમારોહ યોજાયો



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૧ ।

શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી ઑગડ વિદ્યા મંદિર ખાતે નિવૃત્તિ હેડ કલાર્ક યશપાલસિંહ ટી વાઘેલા સન્માન અને ધો.૧૦-૧૨ દીક્ષાંત સમારોહ કેળવણી મંડળ પ્રમુખ ધીરજભાઈ કે.શાહના અધ્યક્ષ સ્થાને યોજાયો.આ પ્રસંગ થરા નગર પાલિકા પ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા,કેળવણી મંડળના ટ્રસ્ટી કે. સી.શાહ, ભૂપેન્દ્રભાઈ શાહ,શાળા કોલેજ આચાર્ય ડૉ. દિનેશભાઈ એસ. ચારણ,ડૉ. હિમાંશુભાઈ શાહ, ગીરાબેન અખાણી,થરા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કનુભાઈ ઠકકર,કોર્પોરેટર ગીરાબેન શાહ, મહેન્દ્રસિંહ વાઘેલા,વિક્રમસિંહ વાઘેલા, રાયમલભાઈ પટેલ, બી બી પઢિયાર,ભારમલભાઈ પટેલ, જે.ટી.જોષી, સુહાગ બારોટ, અનિલભાઈ પરમાર, વી.કે. ચૌધરી, લગધીરભાઈ દેસાઈ, વી.વી. રબારી તથા સ્ટાફ પરિવાર ઉપસ્થિતિ રહી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન કે.આઈ. પ્રજાપતિ તથા આભાર વિધિ જે.ટી. જોષીએ કરેલ.



નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમૂલ મિલ્કના પ્રોગ્રામમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવનાર છે. તેમના સ્વાગત માટે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામનું રીલર્સલ યોજાયું હતું.

### ચૂંટણી પહેલાં પક્ષ પલટાની મોસમ પૂરબહારમાં

# અમદાવાદના પૂર્વ ધારાસભ્ય ધર્મેન્દ્ર પટેલે કોંગ્રેસ છોડી

## ધર્મેન્દ્ર પટેલને ભાજપ લોકસભાની પૂર્વની બેઠક માટે ટિકિટ આપશે તેવું વચન આપ્યું હોવાની પણ ચર્ચા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।



લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસને વધુ ઝટકો લાગ્યો છે, અમદાવાદના અમરાઈવાડી બેઠક પરથી કોંગ્રેસના બે વાર ધારાસભ્ય રહી ચુકેલા ધર્મેન્દ્ર પટેલે રાજીનામું આપી દીધું છે. હવે તેઓ ભાજપમાં જોડાઈ શકે તેવી ચર્ચા થઈ રહી છે. ગુજરાતમાંથી કોંગ્રેસને એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. હજું એક મહિના પહેલા જ વિજાપુરના ધારાસભ્ય સી.જે ચાવડાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું અને ભાજપમાં જોડાયા હતા. ત્યારે હવે અમદાવાદની અમરાઈવાડી બેઠક પરથી કોંગ્રેસના બે વખત ધારાસભ્ય રહી ચુકેલા ધર્મેન્દ્ર પટેલ ઉર્ફે ધમભાઈએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ તેઓ છેલ્લા કેટલાય દિવસથી ભાજપ ના સંપર્ક છે. એવી પણ ચર્ચા થઈ રહી છે કે તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. ધર્મેન્દ્ર પટેલને ભાજપ લોકસભાની પૂર્વની બેઠક માટે ટિકિટ આપશે તેવું વચન આપ્યું હોવાની પણ ચર્ચા થઈ રહી છે. તોઓ અગાઉ ક્યારેય જીત્યા નહોતા, ત્યારે હવે ભાજપ તરફથી લોકસભાની ચૂંટણી લડવા માંગે છે. હવે આ મહિનાના અંત પહેલા જ તેઓ કેસરિયો ધારણ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં પક્ષ પલટાની સીઝન આવી છે.

### હર્ષ સંઘવીએ ફરી લોકોને આપ્યું આશ્વાસન

# કોઈના ઉપર ન્યૂડ કોલ આવે તો ગભરાવવાની જરૂર નથી

। ગાંધીનગર, તા.૨૧ ।

રાજ્યમાં ન્યૂડ કોલ અને હની ટ્રેપ જેવી ઘટનાને લઈ લોકોએ સાવચેત રહેવાની જરૂર છે. આ દરમિયાન ફરી એકવાર રાજ્યના ગૃહમંત્રીએ લોકોને ન્યુડ કોલને લઈ આશ્વાસન આપ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, કોઈએ પણ હવે આ બાબાતે જરાપણ ગભરાવવાની જરૂર નથી. ન્યૂડ કોલ બાદ તરત જ પોલીસ ફરિયાદ કરો. હર્ષ સંઘવીએ કહ્યું કે, અમે આવું કૃત્ય કરનારને પકડવા માટે કટિબંધ છીએ. નોંધનીય છે કે, ન્યૂડ કોલ જેવી ટ્રેપના કારણે આત્મહત્યાની ઘટના સામે આવતી હોય છે.

ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આજે ફરી એકવાર લોકોને ન્યૂડ કોલથી સાવચેત રહેવા અપીલ કરી છે. હર્ષ સંઘવીએ કહ્યું કે, કોઈના ઉપર ન્યૂડ કોલ આવે તો ગભરાવવાની જરૂર નથી. ન્યૂડ કોલ જેવી ટ્રેપના કારણે આત્મહત્યા કરવા માટેના પગલાંઓ ભરાય છે પણ હવે આવી ઘટનાઓમા જરાપણ ગભરાવવાની જરૂર નથી. હર્ષ સંઘવીએ જનતાને અપીલ કરી કે, ન્યૂડ કોલ બાદ તરત જ પોલીસ ફરિયાદ કરો, અમે આવું કૃત્ય કરનારને પકડવા માટે કટિબંધ છીએ. આ પહેલા પણ હર્ષ સંઘવીએ સુરતના એક કાર્યક્રમમાં ટકોર કરી હતી કે ઘરના સભ્યો, પરિચિતોને સાયબર ફ્રોડની જાણકારી આપજો તેમજ દીકરીઓ રિલ્સ બનાવે એમાં કાઈ ખોટું નથી પણ સેફ્ટિનું ધ્યાન રાખવું જોઈએ.

### એસ.ટી.ની બસ હવે વધારે હાઈટેક બનશે

# ૧૧ હજાર કર્મચારીઓની ગુજરાત સરકાર કાયમી ધોરણે કરશે ભરતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

સરકારી નોકરીની રાહ જોતા યુવાનો માટે આવી ગઈ છે સોનેરી તક. ગુજરાત સરકારમાં એક સાથે લાંબા સમય પછી થઈ રહી છે આટલી મોટી સરકારી ભરતી. આ મોકો ચુકતા નહીં, ઝડપી લેજો તક. આ જાહેરાતની સાથે જ ફરી એકવાર ગુજરાતના યુવાનો માટે સરકારી નોકરીનો માર્ગ મોકળો થઈ ગયો છે. સરકારી નોકરીની રાહ જોતા, ખાસ કરીને ટેકનિકલ અભ્યાસ, આઈટીઆઈમાં અભ્યાસ કરીને આવી ભરતીની રાહ જોતા વિદ્યાર્થીઓ માટે પણ આ મોટી તક બની રહેશે. આજે વાહન વ્યવહાર મંત્રીએ વિધાનસભા ગૃહમાં અનેક મોટી જાહેરાતો કરી. જેમાંથી સૌથી મોટી જાહેરાત એ હતીકે, આગામી સમયમાં એટલેકે, ચાલુ વર્ષમાં જ ૨૦૨૪ના અંત સુધીમાં ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ અંતર્ગત આવતા એસ. ટી. વિભાગમાં ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિક સહિત અલગ અલગ વિભાગોમાં કુલ ૧૧ હજાર કરતા વધારે કર્મચારીઓની કાયમી ધોરણે ભરતી કરવામાં આવશે. ચાલુ વર્ષના અંત સુધીમાં જ સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. ગુજરાત વિધાનસભામાં વિભાગ અંગે પૂછાયેલાં સવાલના જવાબમાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરી છે. ખાસ કરીને હર્ષ સંઘવીએ એવી પણ જાહેરાત કરી છેકે, આગામી સમયમાં ગુજરાતભરમાં લગભગ ૮ હજાર કરતા પણ વધારે એસ.ટી.બસના નવા રૂટ શરૂ કરવામાં આવશે. એટલું જ નહીં પ્રાયોગિક ધોરણે નજીકના સમયમાં જ ૨ હજાર રૂટ શરૂ કરી દેવામાં આવશે. મુસાફરોની સુખાકારીનું ધ્યાન રાખીને આ નિર્ણય લેવાયો છે.

# સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત થશે

। (એજન્સી) આણંદ, તા.૨૧ ।

રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે આગામી તા.૨૫ ફેબ્રુઆરીના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના અનેક વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ થનાર છે. જેમાં આણંદમાં રૂ. ૧૬૩.૯૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી જિલ્લા કક્ષાની આધુનિક સુવિધાઓ વાળી સિવિલ હોસ્પિટલ અને આયુર્વેદિક હોસ્પિટલનું વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત કરવામાં આવશે. આણંદ ખાતે નિર્માણ થનાર જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ ૨૯૭૬૧ સ્કવેર મીટર વિસ્તારમાં ૨૩૯ વોર્ડ બેડ, ૪૫ આઈ. સી.યુ. બેડ અને ૦૪ ઓપરેશન થિયેટર ધરાવતી ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ત્રણ મજલાની જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન, ઈમરજન્સી, રેડીયોલોજી, ફાર્મસી, લેબર એરિયા, ઓ.પી.ડી. જેવી કે ઓર્થોપેડીક, પીડીયાટ્રીક, ગાયનેક, જનરલ, ડેન્ટલ, ડાયેટીશીયન, ફીઝીયોથેરાપી, સ્કીન, એન. આર.સી., ૪ ઓટી કોમ્પ્લેક્ષ, એડવાન્સ લેબોરેટરી સર્વિસ, ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ બનશે. વધુમાં, મેલ અને ફીમેલ વોર્ડ, આઈસોલેશન વોર્ડ, સ્પેશીયલ રૂમ, એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ., બર્ન, આઈ.સી.સી.યુ. અને એસ.આઈ.સી.યુ., પ્રીઝનર વોર્ડ તેમજ બ્લડ બેન્ક, કીચન અને ડાઈનીંગ, એડમીન ઓફીસ, ઈલેક્ટ્રીકલ અને પાવર બેક અપ સિસ્ટમ, મોર્ચ્યુરી, લોન્ડ્રી, મેડીકલ ગેસ પાઈપ લાઈન, ફાયર ફાઈટીંગ સીસ્ટમ, વોટર સપ્લાય, સુએજ સીસ્ટમ, બાયો મેડીકલ વેસ્ટ સિસ્ટમ ઉપલબ્ધ કરાવાશે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨